Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




# સીમંધરસ્વામીની ભાવયાત્રા

- મુનિ હિતવર્ધન વિજય

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સત્યકી સુનુ, શ્રેયાંસ નૃપનંદ,
વિહરમાન પરમાત્મા, દેવાધિદેવ
**શ્રી સીમંધરસ્વામી ભગવાન**

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

॥ स्तुवे स्वामि सीमंधरं देवदेवम् ॥
॥ नमामि नित्यं गुरु-रामचन्द्रम् ॥

# સીમંધરસ્વામીની ભાવયાત્રા


: સંવેદન :
'સૂરિરામ'ના પનોતા પટ્ટાલંકાર
પૂ. આ. ભ. વિ. નયવર્ધનસૂરીશ્વરજી મહારાજાના શિષ્યરત્ન
પૂ. ગુરુદેવ મુનિરાજશ્રી ભવ્યવર્ધન વિજયજી મહારાજના શિષ્યરત્ન
પૂ. ગુરુદેવ મુનિરાજશ્રી મંગલવર્ધન વિજયજી મહારાજાના શિષ્યરત્ન
પૂ. મુનિરાજશ્રી હિતવર્ધનવિજયજી મહારાજ



: પ્રકાશક :
શાહ ગૌતમલાલ દાનસુખભાઈ પાનસોવોરા
શાહ રુખીબેન ગૌતમલાલ પાનસોવોરા
હ. અ. સૌ. વિમળાબેન રમણીકલાલ પાનસોવોરા
(ધાનેરાવાળા)


For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

**આવૃત્તિ** : પ્રથમ

**પ્રકાશન** : આ.સુ.૧૧, સં.૨૦૫૯

**પ્રકાશન** : આ.સુ.૧૧, ૨૦૫૯, સોમવાર, તા.૬-૧૦-૨૦૦૩
'સીમંધરસ્વામીની ભાવયાત્રા' અનુષ્ઠાન દિન

**પ્રતિ** : ૧૦૦૦

**મૂલ્ય** : **વાંચો અને વંચાવો**

Serving JinShasan
109318
gyanmandir@kobatirth.org

**: પ્રાપ્તિસ્થાન :**

**પરમ ડાયમંડ**
એમ-૨, ક્રિષ્ના એપાર્ટમેન્ટ,
મહીધરપુરા, જદાખાડી, સુરત.
ફોન : ૨૪૧૧૬૨૮

**સ્પાર્ક ડાયમંડ**
૫૮, શ્રીજી આર્કેડ,
ઓપેરા હાઉસ, મુંબઈ.
ફોન : ૩૬૭૪૬૪૯

**કુસુમ-અમૃત ટ્રસ્ટ**
શાંતિનગર, અલકાપુરી,
વાપી (વે.) - ૩૯૬ ૧૯૧.

**મુદ્રક** : **જિનેશ્વર ગ્રાફીક્સ**
ફોન : ૬૪૦૬૩૯૧ (મો) ૯૮૨૪૦ ૧૫૫૧૪



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રકાશકીય

હૃદયના એક એક ઘટને ઉદ્યોતિત કરી દેનારી આ સંવેદના છે. ભાવનાની અપાર્થિવ શક્તિના માધ્યમ દ્વારા ભરતક્ષેત્રમાં રહ્યાં-રહ્યાં પણ ૪૦ હજાર જેટલાં યોજનો દૂર રહેલાં મહાવિદેહક્ષેત્રમાં વિચરણ કરાવતી અને વિહરમાન પરમાત્મા શ્રીસીમંધરસ્વામી જે ધરાતલને અલંકૃત કરી રહ્યાં છે, એવી પુષ્કલાવતી વિજય, પુંડરિગિણી નગરી અને ત્યાંના આધ્યાત્મિક આભામંડલનો તાદૃશ પરિચય આપી જતી આ સંવેદના છે...

માટે જ આ પુસ્તકનું નામ 'સીમંધરસ્વામીની ભાવયાત્રા' રાખ્યું છે.

દિન હતો, ભા.વ.૯નો. વર્ષ હતું વર્તમાન - ૨૦૫૯નું. મેં પૂ.મુનિરાજશ્રી હિતવર્ધન વિજયજી મહારાજ પાસે હૃદયના આંદલનો વ્યક્ત કર્યા. પૂજ્યશ્રી, અમારા સંઘમાં આગામી આસો સુદ ૯, ૧૦, ૧૧ના દિવસોમાં જે મહોત્સવ યોજાઈ રહ્યો છે, એના એક-એક આયોજનો અમારા માટે અભૂતપૂર્વ છે... એમાંય મહોત્સવના અંતિમદિને 'મહાવિદેહક્ષેત્રની ભાવયાત્રા'નું અનુષ્ઠાન નિયત થયું છે, આવું ત્રણ દિવસથી બ્લેક બોર્ડ પર વાંચું છું અને મારું દિલ દાદા સીમંધરદેવ અંગે કંઈક જાણવા ઉત્કંઠિત બની જાય છે.

કૃપા કરો, મહાવિદેહક્ષેત્રનો અને વિહરમાન પરમાત્મા શ્રી સીમંધરદેવનો ભવ્ય પરિચય અમને મળે એવું વર્ણન લખી આપો. પુસ્તકરૂપે એનું પ્રકાશન કરવાની મારી મનઃ કામના છે.

આભારી છું, પૂજ્ય મુનિવર્યનો કે એમણે બહું જ ટૂંકા સમયમાં, રસપ્રચૂર વિગતોથી અને ભાવભર્યા સંવેદનોથી સમૃદ્ધ લેખન કરી આપ્યું.

આશા છે, આ પુસ્તકના માધ્યમે આપણે આપણા રોમ-રોમમાં ભગવાન સીમંધરદેવની સંનિધિ પ્રાપ્ત કરવાની અનહદ પ્યાસા પ્રજવાળી શકીશું.

**લી. પાનસોવોરા પરિવાર**



For Private and Personal Use Only


Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આવો,
# વિહરમાન પરમાત્મા શ્રી સીમંધરસ્વામીનો સંસર્ગ કરીએ...

- ❖ નામ : પરમાત્મા સીમંધરસ્વામી
- ❖ માતા : સત્યકી દેવી
- ❖ પિતા : શ્રેયાંસ રાજવી
- ❖ પત્ની : રૂક્મિણી દેવી
- ❖ નગરી : પુંડરિગિણી
- ❖ ક્ષેત્ર : મહાવિદેહ ક્ષેત્ર
- ❖ અવગાહના : (ઉંચાઈ) ૫૦૦ ધનુષ્ય
- ❖ ચ્યવનકલ્યાણક : અષાઢ વદ ૧
- ❖ જન્મકલ્યાણક : ચૈત્ર વદ ૧૦
  આ અવસર્પિણીના ૧૭માં શ્રી કુંથુનાથ ભગવાન અને ૧૮મા શ્રી અરનાથ ભગવાનના અંતરાલકાળમાં
- ❖ દીક્ષા કલ્યાણક : ફાગણ સુદ ૩
  ૨૦માં શ્રી મુનિસુવ્રતસ્વામી અને ૨૧માં શ્રી નમિનાથ પ્રભુના અંતરાલકાળમાં...
- ❖ કેવળજ્ઞાન : ચૈત્ર સુદ ૧૩ (સમય : દીક્ષાકલ્યાણક પ્રમાણે)
- ❖ સાધુસંપદા : ૧,૦૦,૦૦,૦૦,૦૦૦ (એક્સો કરોડ)
- ❖ સાધ્વીસંપદા : ૧,૦૦,૦૦,૦૦,૦૦૦ (એક્સો કરોડ)
- ❖ કેવળજ્ઞાની સંપદા : ૧૦,૦૦,૦૦૦ (દસ લાખ)
- ❖ શ્રાવક-શ્રાવિકા સંપદા : ૯,૦૦,૦૦,૦૦,૦૦૦ (નવ અબજ)
- ❖ છદ્મસ્થકાળ : ૧૦૦૦ વર્ષ
- ❖ નિર્વાણ કલ્યાણક : શ્રાવણ સુદ ૩
  અનાગત ચોવીશીના શ્રી ઉદયસ્વામી અને શ્રી પેઢાલ સ્વામીના અંતરાલકાળમાં
- ❖ શાસન અધિષ્ઠાયિકા દેવી : પંચાગુલી દેવી



For Private and Personal Use Only



લાખ યોજનનો છે આ જંબૂદ્વીપ.

વર્તુળાકારે ગોઠવાયેલા આ જંબૂદ્વીપની ચોફેર આઠ યોજન ઉંચી અને રત્નોની ઝાલરથી ઢંકાયેલી ઉત્તુંગ જગતી રહી છે. જગતી એટલે દુર્ગ.

સોનાની એ જગતીની પેલે પાર લવણ સમુદ્રના રાક્ષસી મોજાઓ ઉછળી રહ્યાં છે. એનું એવું તો દૈત્ય સ્વરૂપ છે કે આકાશના દેવો અને પાતાળના દાનવો, બન્નેય એને નિહાળીને ઘડીભર માટે સ્તંભિત બની જાય.

લવણ સમુદ્રના આ દૈત મોજાઓની અફાટ જળરાશિ જો ધસી આવે જંબૂદ્વીપમાં, તો પૂરો જંબૂદ્વીપ જળબંબાકાર બની જાય. લાખ યોજનનો વિસ્તૃત વ્યાસ ધરાવતું આ જંબૂદ્વીપનું ઈંચે-ઈંચ ક્ષેત્ર ખારા જળમાં સમાધિ લઈને નેસ્તનાબૂદ બની જાય.

ન બચે પછી અહિંનું માનવજીવન. ન ટકી શકે પછી અહિંના એકેય પર્વતો.

ન જોવા મળે પછી, ભરતક્ષેત્ર. ન દષ્ટિગોચર બને પછી મહાવિદેહ ક્ષેત્ર કે ઐરવત ક્ષેત્ર.

અરે ! પૂરા બ્રહ્માંડમાં આંધી સર્જાય જાય. ચૌદે ચૌદ રાજલોકમાં જે બરોબર મધ્યબિંદુ પર અવસ્થિત બન્યો છે, એવા તિર્ચ્છાલોકનું પણ કેન્દ્રબિંદુ આ જંબૂદ્વીપ છે.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ના, પણ આવો કરૂણ પ્રલય કદી થયો નથી. થશે પણ નહિ.

કારણ શું ?

કારણ છે, આ જંબુદ્વીપમાં જન્મધારણ કરીને અહીંની ધરાના એક-એક કણને પણ અધ્યાત્મની અગાધઉર્જાઓ દ્વારા ભાવિત કરનારા અરિહંત ભગવંતો.

ઉપકાર છે, આ અરિહંત ભગવંતોનો.

ઉપકાર છે, આ અરિહંત ભગવંતે પ્રવર્તાવેલા પુનીત ધર્મતીર્થનો.

ઉપકાર છે, આ ધર્મતીર્થ માટે પોતાના પ્રાણો પણ ન્યોચ્છાવર કરી દેનારા ચતુર્વિધ સંઘનો.

એમના પુન્યસામ્રાજયનો જ એ પ્રતાપ છે કે હજી કુદરતનું સંતુલન જળવાયેલું રહે છે.

ચંદ્રમા હિમ પ્રપાત નથી વરસાવતો !

હજાર-હજાર કિરણોના સંકુલ જેવો સૂર્ય અગનજ્વાળાઓ નથી ઓકતો!

પ્રયોજન શું ?

કહો કે આ ધરા પર હજી પરમાત્મતત્ત્વનું અસ્તિત્ત્વ છે. આ અસ્તિતત્વ જ આવી બધી જ દુર્ઘટનાઓને ત્રાટકી પડતાં રોકે છે.

બાકી, છે તાકાત કોની, કે કુદરતની દારૂણલીલા સામે લડી શકે ? આ તાકાત કોઈ રાજાધિરાજનીય નથી. એમનાં ન્યુક્લિયર શસ્ત્રોનીય નથી. આ તાકાત છે કેવળ અરિહંતદેવોમાં. જગતના ઉધ્ધારકોમાં. કરૂણાની મંગલ રાશિઓમાં...

ના, પણ આપણું આ ભરતક્ષેત્ર !

કેવું અને કેટલું છે એ દુર્ભાગ્યપૂર્ણ !

દસ-દસ અચ્છેરાઓ દ્વારા પ્રદૂષિત બનેલું આ ભરત છે. અવસર્પિણી-કાળની વિષમ અસરોથી પ્રભાવિત થયેલું આ ક્ષેત્ર છે. કૃષ્ણપાક્ષિકજીવોની દુર્વાસનાઓથી ઉભરાઈ ગયેલું આ ક્ષેત્ર છે.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નથી આ ક્ષેત્રમાં વર્તમાનકાળમાં શ્રી વીતરાગ ભગવંતનું અસ્તિત્વ.

તેમાં છતાં પણ એ કેમ ભાંગી નથી પડતું ? છિન્ન-ભિન્ન બનીને ઈતિહાસના પાનાઓની શાહીમાત્રમાં કેમ રૂપાંતરિત નથી બની જતું ?

ઓહ ! એમાંય આપણું આ ભરતક્ષેત્ર, વસ્યું છે જંબૂદ્વીપની દક્ષિણ દિશામાં. દક્ષિણ દિશાનાય દક્ષિણ કિનારા ઉપર. લવણ સમુદ્રનું પડોશી બનીને. આ બધાય પરિબળો ભરતક્ષેત્રના કષ્ટોમાં ઉમેરો કરતાં જાય તેમ છે. છતાંય એ અડીખમ ઉભું છે. અડગ બનીને ઝઝૂમી રહ્યું છે.

કુદરતના તાંડવને પાછળ પાડી રહ્યું છે. આનું કારણ જેમ અહિં ઉચ્છવાસ ભરનારા નિર્મળ સંયમી મહાત્માઓ છે... આનું કારણ જેમ સમ્યગ્જ્ઞાનના વિપુલ પ્રકાશ જેવા જ્યોતિર્ધારી પુરુષો છે... આનું કારણ જેમ હજ્જારો સમ્યગ્દષ્ટિ જીવોનું સમ્યગ્દર્શન છે... આનું કારણ જેમ સેંકડો ગૃહસ્થોની દેશવિરતિની સાધના છે અને લાખ્ખો માર્ગાનુસારી જીવોની સત્યરૂચિ છે... તેમ આ બધાય કારણોને પ્રાણવંતા રાખે, સતત પોતાની અનુગ્રહની છાયા અર્પીને જોમવંતા રાખે એવા ભગવાન શ્રી સીમંધરસ્વામી પણ છે.

- ત્રણ જગતના એ અધિનાયક છે.

- ભક્તોના એ ભાગ્યવિધાતા છે.

- સચરાચર સૃષ્ટિને અંકુશમાં રાખે એવી અક્ષય શક્તિના એ ભંડાર છે.

એ પરમાત્મા ભલે ભરતક્ષેત્રની ભૂમિ પર નથી વિહરતાં પરંતુ આજે પણ તેઓ આ જ જંબૂદ્વીપના મહાવિદેહક્ષેત્રમાં વિચરી રહ્યાં છે. શ્વાસ અને ઉચ્છવાસનું ગ્રહણ અને મોચન કરીને ત્યાંના વાયુ મંડલને શક્તિ અર્પી રહ્યાં છે. પોતાના ચરણ કમળનું સ્થાપન કરીને ત્યાંની ધરાને ધન્ય બનાવી રહ્યાં છે. એ પરમાત્માની અનુગ્રહદૃષ્ટિ અહિં રહેલાં આપણા જેવા ભાવિક ભક્તોને શું આજે પણ સ્પંદિત નથી કરી રહી ?

ત્રણલોકના એ ચક્રવર્તીની નિઃસીમકરુણા સંસારના શતમુખી ત્રાસથી ત્રસ્ત-વિત્રસ્ત બની ગયેલાં આપણા જેવાં ભારે કર્મી જીવોને શું આજે પણ આશ્વાસન નથી આપી રહી ?



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ચાલો, આજે આપણે સહુ સાથે મળીને ભગવાન સીમંધરસ્વામીજીના દર્શન કરી જ લેવાનો પ્રચંડ સંકલ્પ કરીએ...

બોલો, વિહરમાન પરમાત્મા સીમંધરસ્વામી ભગવાનની જય... જય... જય...

કેવા છે એ નાથ ?

ક્યાં બિરાજે છે એ નાથ ?

કેવા નિરાળા છે એમના રૂપ-સ્વરૂપ ?

કેવા છે ભવ્ય એમના ઠાઠ-માઠ ?

હા, આ બધું જ આપણે આજે જાણી લેવું છે. દિલના ઓજ દ્વારા એનું આચમન કરી લેવું છે. એ માટે ભગવાન સીમંધરદેવની ભાવયાત્રા કરવી છે. ચાલો એ પહેલાં એ પરમાત્માનું એક સ્તવન ગાઈને આપણા પ્રણિધાનનું દઢીકરણ કરીએ.

સૌ સૂરમાં સૂર મિલાવીને સાથે ઝીલજો.

**સીમંધર સ્વામ રે, તમારે ગામ રે,**
**હું કેમ આવું એકલો...**
**ઘાતીના ઘાટ રે, વસમી છે વાટ રે,**
**અંતરે ઉચાટ રે... હું કેમ આવું એકલો...**

**હું છું અનાથ રે, તારો છે સાથ રે...**
**દેજો સંગાથ રે, હું કેમ આવું એકલો...**
**પાપોના પાશ રે, કરતાં નિરાશ રે...**
**સમરૂં શ્વાસ-શ્વાસ રે... હું કેમ આવું એકલો...**

**મુક્તિનો પંથ રે, દેજો અરિહંત રે...**
**બનવું છે સંત રે... હું કેમ આવું એકલો...**

આમ, આપણે આ ભરતક્ષેત્રમાંથી પ્રસ્થાન પામી દૂર-દૂરની મહાવિદેહક્ષેત્રની વસુંધરા પર પહોંચી પરમાત્મા સીમંધરદેવના દર્શન, પૂજન, દેશના શ્રવણ કરવાનું દઢ પ્રણિધાન કરીએ છીએ.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## યાત્રા પ્રારંભ

આ એક વિરાટ કાર્ય છે. આપણે છીએ વામન. વામન પુરુષ વિરાટને શેં હસ્તગત કરી શકે ! હા, આથી જ આપણે હવે વિરાટ બળનું જાગરણ કરવું પડશે. એ દ્વારા ભલે આપણે વામન રહ્યાં, વિરાટ બનીને રહીશું.

સૌ આંખો બંધ કરી દ્યો.

પરમાત્મા સીમંધરદેવની શાસનની અધિષ્ઠાયિકા દેવી છે, પંચાંગુલી દેવી. શાસનદેવતા હરહંમેશ સમ્યગ્દષ્ટિ હોય છે. એમની પાસે આપણે દિવ્ય શરીર, દિવ્ય મન, દિવ્ય શક્તિ, દિવ્ય ચક્ષુ અને દિવ્ય ભાષાની યાચના કરવી પડશે... આંખો મીંચી સીમંધરદેવની ધૂન જગવી, શાસનદેવતા પાસે દિવ્યદેહની ચાલો યાચના કરીએ...

**ધૂન :**

*તર્જ : રઘુપતિ રાઘવ રાજારામ*

**જિનપતિ સીમંધર ભગવાન**
**સત્યકી નંદન કર કલ્યાણ...**

(અહીં આ ધૂન - પાંચેક વાર ઝીલાવવી)

કેવી છે પરમાત્મ ભક્તિની અસીમ શક્તિ. જે શાસન દેવતાને પણ જાગૃત કરી દે છે. આપણે પણ માનસિક પ્રક્રિયા દ્વારા આપણા ઔદારિક દેહ, ભાષા અને મનને પરાવર્તિત કરવાના છે. દિવ્ય દેહ, ભાષા અને મન ગ્રહણ કરવાના છે. થઈ ગઈ છે આ માનસિક પ્રક્રિયા.

હવે, શાસનદેવી પાસે દિવ્ય વિમાનની યાચના કરવાની છે.

**ધૂન...**

*તર્જ : જૈનમ્ જયંતિ શાસનમ્*

**જય જય સીમંધર ભગવાન,**
**આપો અમને સાચું જ્ઞાન,**
**વંદન નમન કરું બહુમાન,**
**નષ્ટ કરો મનના અભિમાન**



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

*આ આવ્યું શાસન દેવતાનું વિમાન,*
*મનઃ કલ્પના કરો અને એમાં આરૂઢ બની જાઓ.*

પેટ્રોલ, ડીઝલ, હવા કે એવા એકેય પાર્થિવ અને યાંત્રિક સાધનો વિનાનું આ દિવ્ય વિમાન છે. શાસનદેવી પંચાગુલી, એનું વહન કરે છે. જુઓ કેવું આ રમણીય છે વિમાન...

વાહ, નેત્રો વિસ્ફારિત થઈ ગયાં.

બાપ-ગોત્રની ઈકોંતેર પેઢીમાં આવું વિમાન નથી જોયું.

ચાલો હવે વિમાન સ્ટાર્ટ થાય છે.

ખબર પણ ન પડે કે શું થઈ રહ્યું છે, એવી આ વિમાનની દિવ્યગતિ છે. પૂર ઝડપે એ અષ્ટાપદ તીર્થ તરફ દોડી રહ્યું છે. જંબૂદ્વીપના દક્ષિણ દ્વારથી ૧૨૫ યોજનના અંતરે અને શ્રી સિદ્ધાચલ મહાતીર્થથી એકલાખ પંચાશી હજાર ગાઉ દૂર અયોધ્યા નગરી આવી છે. આ અયોધ્યાથી માત્ર બાર યોજન દૂર અષ્ટાપદ ગિરિરાજ છે.

વાદળોના ગાઢા થરોની ઉપર આપણું વિમાન ગતિ કરી રહ્યું છે. એથી એની નીચેની ભૌતિક દુનિયા આપણને શેં દેખાય ? ના, એને નિહાળીને કામ પણ શું છે ? આપણે તો ભેટવા છે, વિહરમાન પ્રભુને. તો ચાલો, પ્રભુના નામની ધૂન મચાવીએ.

**સ્તવન : ૨**

*તર્જ : હે માલિક તેરે બંદે હમ...*

**જય સીમંધર ભગવાન... હું કેમ આવું તારે ગામ...**
**ઘણા ડુંગર નડે, ઘણી નદીઓ નડે, હું મારગથી છું અજાણ... હે સીમંધર...**
**મહાવિદેહક્ષેત્રમાં બિરાજો છો, ભવિજીવના મન મોહો છો,**
**ઈક્ષ્વાકુકુલચંદ, તાત શ્રેયાંસ નંદ,**
**માતા સત્યકીના નંદ...**
**તારા દરિશન કરવાને ભગવાન...**
**હું કેમ આવું જગભાણ... ઘણાં...**



For Private and Personal Use Only

**ધન્ય દેશ નગરને ગામ, જિહાં વસે સીમંધર સ્વામ...**
**વહે મીઠી વાણી, સુણે ભવિ પ્રાણી,**
**તમે છો ગુણખાણી,**
**સહુ સંઘ જપે તુજ નામ...**
**મને પંથ ચીંધો ભગવાન... ઘણાં...**

બસ, ગીત-ભક્તિ હવે સ્થગિત કરવી પડશે.

જુઓ આ આવ્યું અષ્ટાપદ મહાતીર્થ. આ મહાતીર્થ પર આપણા દિવ્યવિમાનનું અવતરણ થયું છે. અહીં આપણે થોડીક ક્ષણોની વિશ્રાંતિ કરવાની છે. આ અવસર્પિણીકાળના ત્રીજા આરાના અંત ભાગે નિર્માણ પામેલું ઐતિહાસિક સ્થાપત્ય અહિં છે. પહેલાં ચક્રવર્તી રાજવી ભરતે બંધાવેલું એક રમ્ય જિનાલય અહિં છે. 'સિંહનિષદ્યા પ્રાસાદ' એનું નામ છે.

આહ, આ એનું કેવું વિશાળ પટાંગણ છે.

જરા, ચારેય દિશાની ક્ષિતિજો તરફ તો જૂઓ. મહાસાગરના રૂપ ધરીને ગંગાનદીની આ ખાઈએ અષ્ટાપદતીર્થને ચારેય કોરથી વીંટી લીધું છે. નાંખી નજર સુધી પાણી સિવાય કશું દેખાતું નથી. અરે, પર્વત પણ બરફની પહાડ જેવી શિલાઓથી ઢંકાયેલો છે. જાણે કે હિમશિલાઓના સ્વર્ગમાં આપણે મૂકાઈ ગયાં છીએ... અત્ર-તત્ર, સર્વત્ર, બસ, બરફના શિખરો જ નજરે ચડે છે.

૮-૮ માઈલના કુલ ૮ પગથિયા છે. સિંહની બેસવાની વિલક્ષણ અદામાં બંધાયેલો આ પ્રાસાદ છે. સાચા સોનાનો એ બન્યો છે. ચાલો એ પ્રાસાદની સ્પર્શના કરીએ. અહિં વર્તમાન ચોવીશીના ચોવીશેય તીર્થંકરોની એમના દેહ પ્રમાણ મુજબની મૂર્તિઓ છે. એય એમના દેહવર્ણ જેવા જ રત્નોમાંથી બનેલી છે.

**નિસીહિ...** દાખલ થાઓ.

ચાલો, **સ્તુતિ** કરીએ...

**તુજ અંગ અંગે તેજ તપતું કોટી-કોટી સૂર્યનું...**
**ને નેત્રમાં કૌવત ભર્યું ત્રણ કાળનું ત્રણ લોકનું...**
**જાણે કમલની પાંખડી એવી તમારી આંખડી...**
**એકીટશે જોતાં ખીલે મારા હૃદયની પાંખડી... ॥૧॥**



For Private and Personal Use Only

**તુજ મસ્તકે સોહે મુકુટ રત્ને મઢેલો ચમકતો...**
**ને કંઠમાંહે હંસલો હીરા જડેલો દમકતો...**
**બે કાનમાં કુંડલ સૂરજને ચાંદ જેવા શોભતા...**
**ને સ્વર્ણમય આભૂષણો તુજ અંગ અંગે ઓપતા... ॥૨॥**

*ત્રણ ખમાસમણ...*

આશાતના ન થાય એ રીતે બહાર નીકળજો.

હવે આપણું દિવ્યવિમાન શાશ્વતી ગંગા નદી તરફ આગળ વધી રહ્યું છે. હજ્જારો માઈલના તોતિંગ પટવાળી આ ગંગાનદી પાર કરીને આપણે ભરતક્ષેત્રના દક્ષા ખંડ તરફ આગળ વધીએ છીએ.

મહાવિદેહક્ષેત્ર તરફના આ માર્ગમાં વચ્ચે જે મુખ્ય જિનાલય આવશે એની પણ આપણે સ્પર્શના કરીશું. આ દક્ષા ખંડથી થોડાંક આગળ જતાં વૈતાઢ્ય નામનો પર્વત આવશે. ૨૫ યોજનની હાઈટનો આ પર્વત નખ-શિખ ચાંદીનો બનેલો છે. એની પર નવ-નવ રત્નમય શિખરો છે. આ પૈકીના પહેલાં શિખર પર સિદ્ધકૂટ નામનું ચૈત્ય છે.

આ આવી પહોંચ્યાં સિધ્ધકૂટ પર.

ચાલો, શાશ્વતા જિનબિંબોના દર્શન કરી આનંદના આંદોલન જગાડીએ...

જોતાં જ હૈયાને અપીલ કરી જાય એવા મનોહર છે આ જિનબિંબો. (૧) ઋષભ (૨) ચંદ્રાનન (૩) વારિષેણ (૪) વર્ધમાન... આ ચાર નામની જિનમૂર્તિના દર્શન કરીને શરીરની નસેનસમાં ભક્તિની ઉત્તેજના પ્રગટાવવાની છે.

**સ્તુતિ : બહુકાળ આ સંસાર સાગરમાં પ્રભુ હું સંચર્યો...**
**થઈ પુન્યરાશિ એકઠી ત્યારે જિનેશ્વર તું મળ્યો...**
**પણ પાપ કર્મ ભરેલ મેં સેવા સરસ નવ આદરી...**
**શુભયોગને પામ્યાં છતાં પણ મૂર્ખતા બહુ મેં કરી...॥**

*ત્રણ ખમાસમણ*

હવે આપણે ભરતક્ષેત્રની ધરાને ચીરીને એની ઉત્તર તરફ ઉભેલાં પાંચશો યોજનના ઉંચા લઘુ હિમવંત પર્વત પર જઈ રહ્યાં છીએ. પૂરો સોનાનો બનેલો છે, આ પર્વત એના ૧૧ શિખરો પૈકીના ૧લા શિખર પર શાશ્વતુ જિનાલય છે.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

દોડીશું એની યાત્રા કરવા અને ભસ્મસાત્ કરીશું કર્મના ગંજના ગંજને...

મનમાં સહુ સીમંધરસ્વામીનું સંસ્મરણ કરજો.

**ધૂન :**

*તર્જ : જય જય જય શ્રી આદિનાથ*

**જય જય સીમંધર ભગવંત...**
**એક જ તું સાચો અરિહંત...**
**કરજો અમારા દુઃખનો અંત...**
**જનમ જનમનો તું છે કંત...**

જૂઓ આ લઘુ હિમવંત પર્વત પરના શાશ્વતા જિનાલયને. **'જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ'** નામના આગમસૂત્રમાં જંબૂદ્વીપમાં રહેલાં આવા એક-એક શાશ્વતા જિનાલયોની ગવાહી મળે છે. એ સૂત્ર આપણે સંગાથ બનીને આપણને અહીં ઉદ્‌બોધે છે : આ જિનાલયમાં ૧૦૮ જિનબિંબો છે.

૧૦૮ બિંબો તો કેવળ ગર્ભગૃહમાં. આ સિવાય ત્રણેય દિશાના ત્રણેય દ્વાર પાસે ચૌમુખ પ્રતિમાઓ પણ છે. આમ, ૧૨૦ જિન પ્રતિમાઓના ચાલો દર્શન કરીએ.

**સ્તુતિ :** **શત-કોટી-કોટી વાર વંદન નાથ મારા હે તને...**
**હે તરણ તારણ દેવ તું સ્વીકાર મારા નમનને...**
**હે નાથ ! શેં જાદુ ભર્યાં અરિહંત અક્ષર ચારમાં...**
**આફત બધી આશિષ બને તુજ નામ લેતાં વારમાં...॥**

***ત્રણ ખમાસમણ...***

લઘુ હિમવંતના અવકાશી તરંગોને હાથતાળી દઈને હવે આપણે મહાહિમવંત ક્ષેત્ર તરફ ધસી જવાનું છે. ભરતક્ષેત્રનો છે, ૫૨૬ યોજનનો વ્યાસ .તો મહાહિમવંતક્ષેત્રનો છે, ૨૧૦૫ યોજનનો વ્યાસ. આમ, ભરતક્ષેત્ર કરતાં ચારગણું મોટું ક્ષેત્ર છે આ.

મહાહિમવંતના અવનીફલક તરફ જૂઓ. ગંગાનદી કરતાં બે ગણી વધુ મોટી રોહિતા નદી, ધસમસતી. હજ્જારો ઉર્મિઓને દૂર-સુદૂર ફંગોળતી વહી રહી છે.



For Private and Personal Use Only

રોહિતાના લલિત તરંગોને પાછળ પાડી દઈ આપણે હવે આવી પહોંચ્યાં છીએ, મહાહિમવંત પર્વત પર. આ પર્વતના ૮ શિખરો પૈકીના પહેલાં શિખર પર શાશ્વતુ જિનમંદિર છે. આપણે અહિં વિશ્રામ લેવાનો છે.

ચાલો, ભક્તિના વરસાદમાં પલળીને પાપોના મળ સાફ કરતાં જઈએ.

**સ્તવન : ૩**

**તમે મહાવિદેહ જઈને કહેજો ચાંદલિયા, કહેજો ચાંદલિયા,**
**સીમંધર તેડા મોકલે.**

**તમે ભરતક્ષેત્રના દુ:ખ કહેજો ચાંદલીયા (૨) સીમંધર તેડા મોકલે...**
**સીમંધર સીમંધર હૃદયે હું ધરતો, પ્રત્યક્ષ દર્શનની આશા હું ધરતો...**
**એવા વિયોગના દુ:ખ મારા કહેજો ચાંદલીયા (૨)**
**સીમંધર તેડા મોકલે...**

**સંસારનું સુખ મને કારમું જ લાગે, તુમ વિણ જઈ કહું કોની રે આગે,**
**એવા ભક્તોના દુ:ખ તમે કહેજો ચાંદલિયા (૨)**
**સીમંધર તેડા મોકલે...**

આનંદના ઓઘ હૈયામાં ભરતાં જઈ આગળ વધવાનું છે. મહાહિમવંતને વિદાય આપી હવે હરિવર્ષ ક્ષેત્ર પરથી પસાર થઈએ છીએ. ભરતક્ષેત્ર કરતાં આઠગણો મોટો આ ભૂમિ ખંડ છે. યુગલિક માનવોની અત્રે વસાહતો છે. આ દેખાય છે, જે દૂધના ફીણ જેવો શ્વેત ધોધ, એ હરિવર્ષક્ષેત્રની હરિસલિલા નદીનો છે. આ મહાનદીના કર્ણપ્રિય શબ્દો જુઓ, સંભળાઈ રહ્યાં છે.

આ બધાયને અલવિદા આપી આપણે નિષધ પર્વત પર આવી પહોંચ્યાં. આનું જ બીજું નામ છે ઉદયાચલ પર્વત. મેરૂપર્વતની ધરી પર પરિભ્રમણ કરતાં કરતાં જ્યારે આકાશના જ્યોતિષ ચારનો સૂર્ય અહિં આવી પહોંચે છે. ત્યારે દક્ષિણ જંબૂદ્વીપમાં - ભરતક્ષેત્રમાં સૂર્યોદય થાય છે.

આ નિષધપર્વત પૂરેપૂરો લાલ રત્નોનો બનેલો છે. માટે જ સ્તો જ્યારે સૂર્ય એની ઉપરથી પસાર થાય છે ત્યારે સૂર્યના બિંબમાં પ્રતિબિંબિત થતાં આ પર્વતના રત્નોના કિરણોના કારણે ક્ષિતિજો પર પણ લાલિમા છવાઈ જાય છે.



For Private and Personal Use Only

ચાલો, આ પર્વત પર રહેલાં જિનબિંબના દર્શન કરીએ...

**સ્તુતિ :** **સંસાર સાગર દુ:ખથી ભરપૂર છે એમ માનતો...**
**તો યે હજી આ મોહ વાસિત આતમા નથી જાગતો...**
**સંસારના આ વિષમ પંથે હું જવા નથી ચાહતો...**
**કરૂણા નિધિ તે કારણે શિવલક્ષ્મીને હું માંગતો...**

*ત્રણ ખમાસમણ*

મંજિલ હવે આપણી નજીક સરકી રહી છે. આ આવી રહ્યું છે મહાવિદેહ ક્ષેત્ર. સદાકાળ માટે તીર્થંકરોનું સાનિધ્ય ધરાવનારું આ સોભાગી ક્ષેત્ર છે. પાંચમા આરાની અને છઠ્ઠા આરાની સંભાવનાથી મુક્ત રહેનારું આ મહિમાવંતું ક્ષેત્ર છે.

આવો, ઓળખી લઈએ, મહાવિદેહક્ષેત્રને...

- ❖ અહિં ભરતક્ષેત્રની જેમ ઉત્સર્પિણી કાળ અને અવસર્પિણી કાળ જેવા કાળના તોતિંગ પરિવર્તનો નથી થતાં.
- ❖ અહિં ભરતક્ષેત્રની જેમ ૧લો, બીજો, ત્રીજો, ચોથો, પાંચમો, છઠ્ઠો એવા આરા નથી હોતાં.
- ❖ અહિં ક્યારેક માનવોના શરીર ૫૦૦ ધનુષ જેવી જંગી ઉંચાઈના તો ક્યારેક સાવ ૧ હાથ જેટલા વામન... આવું નથી બનતું.
- ❖ અહિં તીર્થંકર ભગવંતોનો વિરહ કદી થતો નથી.
- ❖ અહિં સતત ભરતક્ષેત્રના ચોથા આરાના આરંભ જેવું વાતાવરણ રહે છે.
- ❖ આ ક્ષેત્રના માનવોની મધ્યમ ઉંચાઈ ૫૦૦ ધનુષ્યની કાયમ માટેની હોય છે. (૫૦૦ ધનુષ્ય એટલે સરેરાશ આપણા ૨૫૦૦ ફૂટ)
- ❖ આ ક્ષેત્રના માનવોનું મધ્યમ આયુષ્યમાન પણ ૮૪ લાખ પૂર્વનું હોય છે. (૧ પૂર્વ = ૭,૫૬૦ અબજ વર્ષ. એવા ૮૪ લાખ પૂર્વ)
- ❖ આ ક્ષેત્રનું કુલ ૩૨ ભૂમિખંડોમાં નૈસર્ગિક રીતે જ પૃથક્કરણ થયેલું છે. આવા અહિંના પૃથક્-પૃથક્ પૃથ્વીખંડોને 'વિજય' કહેવામાં આવે છે. 'વિજય' એટલે ભરતક્ષેત્રની પરિભાષામાં એક સ્વતંત્ર દેશ.
- ❖ આ ક્ષેત્રની એક-એક 'વિજય' ભરતક્ષેત્ર કરતાંય ઘણી મોટી હોય છે.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

❖ માનવ વસાહત જ્યારે ઉત્કૃષ્ટ સંખ્યામાનને આંબી જાય છે ત્યારે આ ક્ષેત્રની બત્રીશે બત્રીશ વિજયમાં એક-એક તીર્થંકર ભગવંતો અવતરે છે. આમ, એક જ મહાવિદેહમાં ૩૨ તીર્થંકરો થયાં.

આ અવસર્પિણી કાળમાં જ્યારે ભરતક્ષેત્રમાં એક અજિતનાથ ભગવાન થયા ત્યારે એક મહાવિદેહક્ષેત્રમાં ૩૨ તીર્થંકરો થયાં.

બેશક, દરેક તીર્થંકરો ભિન્ન-ભિન્ન વિજયમાં થયાં હતાં.

❖ આ ક્ષેત્રમાં એક વિજયમાં રહેલી જનતા કે એક વિજયમાં રહેલા જીવો બીજી વિજયમાં કદી જઈ શક્તાં નથી. હા, દૈવી સહાયનું આલંબન મળે તો જરૂર જઈ શકે. એ સિવાય નહિ.

❖ આ ક્ષેત્રના વૃક્ષો, પશુઓ, ગાય, ભેંસ, બિલાડી, ઉંદર વગેરે તેમજ કિડી, મંકોડી વગેરે જીવાતો અને ખાંડ, ચોખા વગેરે દ્રવ્યો ભરતક્ષેત્રની બિલ્ડિંગો અને વ્યક્તિઓ કરતાંય વિશાળ કદના હોય છે.

❖ અહિં ક્યારેય ૩૨૦મી કલમ લાગુ પાડવી પડતી નથી. અહિંની પ્રજા સ્વયં શિસ્તમાં સમજનારી છે.

❖ ઉત્કૃષ્ટ માનવ વસાહતના કાળને બાદ કરીએ તો એ સિવાયના પ્રત્યેક કાળમાં બત્રીશ પૈકીની કુલ ૪ વિજયોમાં સદાય તીર્થંકરદેવો વિદ્યમાન હોય છે. એ સિવાયની 'વિજયો'માં પણ તીર્થંકરદેવોનું ધર્મશાસન તો અચૂક રીતે પ્રવર્તમાન રહે જ છે.

આવી અવસ્થા છે, જંબુદ્વીપના મહાવિદેહ ક્ષેત્રની. સબૂર, આવા જ બીજા ચાર મહાવિદેહ ક્ષેત્રો આ અઢી દ્વિપમાં વિદ્યમાન છે અને આવી જ લોક સ્થિતિ જંબૂદ્વિપ સિવાયના ચાર મહાવિદેહક્ષેત્રની સમજવાની છે.

આમ, ૨૦ વિહરમાનો પાંચે મહાવિદેહક્ષેત્રની અપેક્ષાએ થાય છે. નહિ કે કેવળ એક જ મહાવિદેહક્ષેત્રની અપેક્ષાએ.


આપણે આવા મહાવિદેહક્ષેત્રમાં પુનીત પદાર્પણ કરી રહ્યાં છીએ...

આપણે જવું છે, પુષ્કલાવતી વિજયમાં. પરમાત્મા સીમંધરસ્વામીના ચરણોમાં. પરંતુ આપણા માર્ગમાં જ વચ્ચે 'વત્સ' નામની આ વિજય આવી છે. બત્રીશ પૈકીની નવમી આ વિજય છે.



For Private and Personal Use Only

આ વત્સ વિજયના છ ખંડ પૈકીના દક્ષિણાર્ધ ભાગના મધ્યખંડમાં સુસીમા નામની નગરી છે. આ નગરીની દિવ્યવસુંધરા પર વિહરમાન પરમાત્મા યુગમંધર સ્વામી બિરાજે છે. આપણે પરમાત્મા યુગમંધરના પણ દર્શન કરીશું પણ પાછા ફરતી વેળાએ. અત્યારે તો હવે અદમ્ય ઉત્કંઠા પ્રગટી છે, ભગવાન સીમંધરસ્વામીને ભેટવાની...





For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## અનંત પ્યાસા...

એક-એક નસ ખેંચાઈ રહી છે. એક-એક રોમ વિક્સી રહ્યાં છે. એક-એક શ્વાસ તડપન અનુભવે છે. એક-એક સ્પંદન આતુર બન્યાં છે... એક-એક ધબકાર તરસ્યાં બન્યાં છે. આતમના એક-એક પ્રદેશ પર અનંત-અનંત પ્યાસ છે... અનંત-અનંત ક્ષુધા છે... અનંત-અનંત અનુરાગ છે... દાદા સીમંધરના દર્શન માટે...

ના, પણ હજી પંથ ઘણો વિકટ છે અને લાંબો ચોડ છે. આ મહાવિદેહ છે. આપણે ભરતક્ષેત્રથી અહિં આવ્યાં એથીય વધુ ક્ષેત્રફળ કેવળ મહાવિદેહનું છે. પણ, હવે તો એક મીનીટ પણ વ્યતીત થાય તેમ નથી.

પળ-પળ પણ મરણ જેવી અકારી ભાસી રહી છે... એટલી તૃષા છે, પ્રભુમિલનની.

ચાલો, કરીએ એની તૈયારી...

### સ્તવન : ૪

શ્રી સીમંધર સાહિબા, હું કેમ આવું તુમ પાસ,
દૂર વચ્ચે અંતર ઘણું, મને મળવાની ઘણી હોંશ...

હું તો ભરતને છેડે...૧

હું તો ભરતને છેડલે કાંઈ પ્રભુજી વિદેહ મોઝાર,
ડુંગર વચ્ચે દરિયા ઘણા કાંઈ કોશના કોશ હજાર...

હું તો ભરતને છેડે...૨

પ્રભુ દેતાં હશે દેશના કાંઈ સાંભળે ત્યાંના લોક,
ધન્ય તે ગામ નગરપુરી જિહાં વસે છે પુન્યવંત લોક...

હું તો ભરતને છેડે...૩

ધન્ય તે શ્રાવક શ્રાવિકા જે નિરખે તુમ મુખ ચંદ,
પણ એ મનોરથ અમતણાં ક્યારે ફળશે ભાગ્ય અમંદ...

હું તો ભરતને છેડે...૪



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પ્રશ્ન જ્યોતિષ જાણવા કાંઈ જોષીએ માંડ્યાં લગન,
ક્યારે સીમંધર ભેટશું મને લાગી એક લગન...

હું તો ભરતને છેડે...૫

પણ કોઈ જોષી ન એહવો જે ભાંજે મનની ભ્રાંત,
અનુભવ મિત્ર કૃપા કરે તુમ ચરણ તણે એકાંત...

હું તો ભરતને છેડે...૬

પુષ્કલાવતી વિજયવસો કાંઈ નયરી પુંડરિકિણી સાર,
સત્યકી નંદન વંદના અવધારો ગુણના ધામ...

હું તો ભરતને છેડે...૭

શ્રેયાંસ નૃપ કુલ ચંદલો કાંઈ રૂકિમણી રાણીનો કંત,
વાચક રામ વિજય કહે તુમ ધ્યાને મુજ મન શાંત...

હું તો ભરતને છેડે...૮

આજે ઘટ-ઘટમાં આનંદ છવાયો છે. ચહેરાની એક-એક રેખા પર ઉલ્લાસના ગુલાલ પથરાયાં છે. આંખની પાંપણો વારંવાર ઢળી પડીને ફરીથી સૂર્યમુખી કમળની જેમ ખીલી રહી છે.

ગાલ, ઓષ્ઠપુટ, કર્ણપટલ, નેત્રરાજી, બધે જ પરમહર્ષનો જુવાળ ઉભો થયો છે. મસ્તકના કેશ હર્ષિત બનીને નાચી રહ્યાં છે...

આ તાકાત છે કેવળ પરમાત્મા સીમંધરસ્વામીની મિલનની કલ્પનાની. વિચારજો, પરમાત્મતત્ત્વના મિલનની અભિલાષા જો આટલી અનહદ રોમાંચક છે તોએ પરમાત્મ તત્ત્વની પ્રાપ્તિ કેટલી બધી રોમાંચક હશે...

આપણે હવે પરમાત્મસ્વરૂપની સમીપમાં જઈ રહ્યાં છે. સાક્ષાત્ ત્રણેય લોકના શક્તિપુંજની નજીક પહોંચી રહ્યાં છીએ. પરબ્રહ્મની જીવંત અવસ્થા તરફ આગળ વધી રહ્યાં છીએ. કરોડો સૂર્યની અને કરોડો ચંદ્રની સામૂહિક તેજ રાશિના દર્શનનો આહલાદ્ લૂંટવા આગેકૂચ કરી રહ્યાં છીએ. અનંતજ્ઞાનની અને ત્રિકાલાબાધિત ચૈતન્યની શક્તિની છાયામાં સમાઈ જવા કદમ ભરી રહ્યાં છીએ.



For Private and Personal Use Only

જુઓ, દષ્ટિગોચર બની રહી છે, નીચેની અફાટ ધરતી પર રેલાઈ રહેલી સીતા મહાનદી. આહ, નદી છે કે સાગર ? સાગર જ નહિ મહાસાગર. સીતા મહાનદીને પાર કરી દઈ હવે આપણે આપણી સફરના આખરી ચરણ માંડવાના છે. એ છે પુષ્કલાવતી વિજય તરફના.

જંબૂદ્વીપના મહાવિદેહક્ષેત્રની આ છે પુષ્કલાવતી વિજય. મહાવિદેહની એ આઠમી વિજય છે. નીલપર્વતની ગોદમાં અને જંબૂદ્વીપની મહાજગતીની પડોશમાં, સીતાનદીના તટ પર અને બે તરફના સુવર્ણ પર્વતોની મધ્યમાં વસેલો આ ભૂ-ખંડ છે.

આવી પહોંચ્યા છે આપણે પુષ્કલાવતી વિજયમાં...

બોલો સીમંધરસ્વામી ભગવાન કી જય... જય... જય... જય.. જય...

જરા નેત્રો બંધ કરીને આજના આપણા અચિન્ત્ય પરાક્રમનું સ્મરણ તો કરો. ક્યાં ભરતક્ષેત્ર. એનો દક્ષિણાર્ધ ભાગ. એમાંય મધ્યખંડ અને એમાં વસેલો જલબુંદ જેવો હિંદુસ્તાન દેશ. તેમાં રહેલી નવસારી નગરી !

...અને ક્યાં મહાવિદેહક્ષેત્રની પુષ્કલાવતી વિજય... ઓહો, કેટલું [illegible] અંતર આપણે આજે વળોટી લીધું.

અષ્ટાપદ પર્વત, વૈતાઢ્યપર્વત, લઘુહિમવંત શૈલ, હિમવંતક્ષેત્ર, મહાહિમવંત પર્વત, હરિવર્ષ ક્ષેત્ર, નિષધ પર્વત અને મહાવિદેહની નવમી વત્સ વિજય... આ બધુંય આજે આપણે આપણી યાત્રાનો ભાગ બનાવી ઓળંગી ગયા.

આ પુષ્કલાવતી વિજય આવી ગઈ.

હા, આપણા હૃદયાધિનાથ,
આપણા પ્રિતતમ,
આપણું સ્પંદન,
આપણો ધબકાર,
આપણું સંવેદન,
આપણું ધ્યેય,
આપણું ચિરશોષિત હૃદય,
આપણી ચિરકાલપીડિત પ્રતીક્ષા,



For Private and Personal Use Only

આપણા નેત્રો,
આપણું અસ્તિત્ત્વ,
આપણું સમગ્ર વ્યક્તિત્વ,
આપણું અખૂટ સૌભાગ્ય,
આપણી જ્વલંત શ્રધ્ધા,
આપણો મૌલિક વૈભવ,
આપણું અક્ષય ઐશ્વર્ય,
આપણો ઘૂઘવતો અનુરાગ,
આપણી મંજિલ,
અને આપણું સર્વસ્વ...

એક જ છે. એ છે વિહરમાન પરમાત્મા સીમંધરસ્વામી. આ ત્રિજગદુધ્ધારક આજ પુનીત દેશમાં બિરાજે છે. પણ સબૂર, એમના દર્શન કરવા માટે આપણે પુંડરિગિણિ નગરી સુધી પહોંચવું પડશે.

ચાલો, પ્રિયમિલનની પળ હવે બારણે ટકોરા પાડી રહી છે. આતમઘટમાં મનોવાંછિતની સિધ્ધિનો ઘંટ રણકી રહ્યો છે... બસ, થોડીક પળોની પ્રતીક્ષા છે.

જરા, આ મહાવિદેહના નાગરિકો તો જુઓ.

❖ બબ્બે માઈલ ઉંચા અહિંના માનવો છે.

❖ સરેરાશ ૧૦ થી ૧૪ માઈલની હાઈટના મકાનો છે.

❖ આ ક્ષેત્રના બાળકો પણ ૫૦૦ ફૂટ જેવી ઉંચાઈ ધરાવે છે.

❖ તળાજાના પહાડ જેટલી ઉંચાઈના શાકભાજી અહિં હોય છે.

❖ અહિંના રમત-ગમતના દડા પણ આપણા જેટ વિમાન જેવડા કદાવર દેખાય છે.

❖ આ ક્ષેત્રના અભ્યાસ પુસ્તકો પણ આપણા ઉંચા કબાટ જેવડા તોતિંગ નજરે પડે છે.

❖ આ ક્ષેત્રનું એકાદ ફળ પણ જો આપણા માથે પડે તો આપણી લીલા સંકેલાઈ જાય. કેમ કે એ ફળ ઉંચા તાડના ઝાડ જેટલા વિરાટ કાય હોય છે.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

છે આપણાં કરતાં આટલી વિલક્ષણ જગદ્વ્યવસ્થા. આમ છતાં, જુઓ તો ખરા, છે કેટલી પ્રશાંતિ ! સામાજિક એખલાસ, કૌટુંબિક ભાઈચારો, વ્યવસાયમાં પ્રામાણિકતા.

આ ક્ષેત્રમાં નથી સ્કૂલો, કૉલેજો કે યુનિવર્સિટીઓ.

આ ક્ષેત્રમાં અધ્યાપકોની હડતાળ ક્યારેય પડતી નથી કે વિદ્યાર્થીઓ અનામતના આંદોલનો કરતાં નથી.

આ ક્ષેત્રમાં તો બહોળો જનસમૂહ ભગવાન સીમંધરસ્વામીનો અનન્ય અનુરાગી છે. એ સિવાયની પણ ઈતર જનતા માર્ગાનુસારીનું જીવન જીવવાનું ધ્યેય ધરાવે છે.

નિર્ઘૃણ અને જઘન્ય કક્ષાના કહેવાય એવા તત્ત્વોને અહિં જાહેરાત નથી મળતી. એવા તત્ત્વોને મોં સંતાડીને ઘૂમવું પડે છે. સજ્જનોની અહિં પ્રતિષ્ઠા જામી છે. દુર્જનોની અહિં કિંમત નથી. કોડીમાત્ર નહિ. ફૂટી બદામ જેટલીય નહિ.

કેવું છે આ મંગલકારી ક્ષેત્ર ? થાય છે, અહિં જ જો જન્મ મળ્યો હોત તો? તો વિહરમાન તીર્થંકરનું સાનિધ્ય મળત. આઠ વર્ષે દીક્ષા સ્વીકારી કર્મના કટકો સામે આરપારનો જંગ ખેલી લેવાનું અને એમાં વિજયનિનાદ પ્રગટાવવાનું સામર્થ્ય મળત.

કાશ, પણ છે આપણા અહોભાગ્યની અવધિ. લાયકાતની મર્યાદા.

પણ આજે આ અવધિનો અને મર્યાદાનો જરૂર ભંગ કરી જ દેવો છે. એ માટે પરમાત્મા સીમંધરદેવને એવી આંસુ ભરેલી, અપીલ ભરેલી, આતાપના ભરેલી આરજૂ કરીશું. એ આરજૂ આપણા દુર્ભાગ્યના મળને શોષવી નાંખશે. આવતો જન્મ જરૂર મહાવિદેહક્ષેત્રની આ મહિમાવંતી ધરા પર મેળવી આપશે. બસ, પછી પરમ પ્રકાશ... અદ્ભુત ઉત્થાન...

આનંદો, આપણે ભાવનાના નભમાં વિલસીએ છીએ અને આ તરફ પુંડરિગિણી નગરી આવી પણ ગઈ. ચાલો, હવે ભાવનાના નભમાં આજ પર્યંત જે વિલાસ કર્યો છે એ વિલાસને સાકારરૂપ આપીએ.

જુઓ, પુંડરિગિણી નગરીનું આ મનોહર ઉદ્યાન છે. દેખાય છે અહિંના



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વૃક્ષો.... ના, ના. એ ખૂબ ઉત્તુંગ છે. આંખોના તેજને છીણી-છીણીને અવલોકશો તો એ દૃષ્ટિનો વિષય બની શકશે.

આજુબાજુ કેવું નિરવ વાતાવરણ પથરાયું છે. ચાલો, ઉદ્યાનની બહાર નીકળીએ. આસપાસમાં જ દેવાધિદેવ, જગત્પિતામહ, અભયદાન દાનેશ્વરી, દીનાનાથ, દરિદ્રવત્સલ, અકારણબંધુ પરમાત્મા બિરાજતાં હશે.

આનંદો ખૂબ આનંદો. જુઓ, સંભળાય છે, દેવદુંદુભિના અને દિવ્ય બંસરીઓ, શહનાઈઓ, મૃદંગો, તિતાલોના અદ્‌ભુત ધ્વનિઓ.

આજે આપણો પુન્યભાનુ, હજાર હજાર કિરણોથી ખીલી રહ્યો છે. પરમાત્મા સીમંધરસ્વામી આ તરફ જ પધારી રહ્યાં છે. આસપાસમાં જ સમવસરણ પણ રચાશે. દોડો... આ પૂર્વ દિશા તરફના દિવ્યનાદ ભણી... વાહ, કેટલો મોટો માનવ મહેરામણ આંખ સામે દૃષ્ટિ ગોચર બની રહ્યો છે.

માનવ મહેરામણો તો આપણે ભરતક્ષેત્રમાં અનેકવાર જોયા છે. અલબત્ત, આવો સાત-સાત સમુંદરને પાછળ પાડી દે એવો મહેરામણ ક્યારેય નથી જોયો.

એક તરફ પરમાત્મા સીમંધરસ્વામી પોતાની વિહારયાત્રાને આગળ ધપાવી રહ્યાં છે. સાથે પ્રાતિહાર્યોની અનન્ય શોભા છે. અતિશયોનું આકર્ષણ છે.

અવલોકો તો ખરા, પરમાત્માની વિહારયાત્રાને...

સૌથી આગળ એક હજારયોજન ઉંચો મહેન્દ્રધ્વજ ચાલી રહ્યો છે. તેજ અને ઓજના અવનવા વર્તુળો સર્જતું ધર્મચક્ર એનું અનુસરણ કરે છે. હજાર-હજાર આરાઓનું એ બનેલું છે. પંખીઓ પણ જય-જય શબ્દો બોલી રહ્યાં છે અને દેવાધિદેવ પરમાત્માને પ્રદક્ષિણા દઈ રહ્યાં છે.

ન મારી ન મરકી
ન આતંક, ન અત્યાચાર,
ન શોષણ, ન દમન,
ન વ્યાધિ, ન અશાંતિ...

ઈતિ-ભીતિ વગેરે તમામ ઉપદ્રવો ઉપશાંત થઈ ગયાં છે.

શીતળતા અને સુગંધના ઓઘના ઓઘ લઈને વાયુ પણ મંદ-મંદ ગતિએ સંચરી રહ્યો છે. નથી ક્યાંય વાદળ. આકાશ પર બિલ્કુલ નિરભ્ર છે. છતાંય



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સુગંધી જળના ઝરમર અમૃત બુંદ ચોમેર વરસી રહ્યાં છે.

ગગનમાંથી એકધારી પુષ્પવૃષ્ટિ થઈ રહી છે. એ ય માનવીના ઘૂંટણ ઢંકાઈ જાય એટલી વિપુલમાત્રામાં.

મહદાશ્ચર્ય ! પુષ્પોની વૃષ્ટિએ કૌતુક સરજ્યું છે. આકાશમાંથી વરસતાં પુષ્પો ઉંધા નથી પડી જતાં. બલ્કે જમીન પર સીધા વરસી રહ્યાં છે. ધરતીના કાંટાઓ ઉથલી પડ્યાં છે. પાંચે ઈન્દ્રિયના વિષયો અનુકૂળ બની રહ્યાં છે.

જુઓ, દેવો અને દેવીઓ, દાનવો અને યક્ષ-વ્યંતરો, કેવા નૃત્યો કરી રહ્યાં છે... માનવોના મહેરામણ તો આજ પર્યન્તમાં ઘણાંય અવલોક્યાં પરંતુ દેવોનો આવો મહેરામણ કદીય નથી નિહાળ્યો.

દીવ્યસંગીતની જાણે ધૂમ મચી છે. દેવોની વિણાના એક-એક તાર રણઝણી રહ્યાં છે તો મૃદંગોના 'તા ધીન તા ત ત તા ધીન તા' કેવા અદ્ભુત બજી રહ્યાં આ નાદ ? દેવલોકની આ અપ્સરાઓના કેવળ ઝાંઝરના ઝણકાર પણ સાંભળો, કેટલાં મધુર છે એ... ઘટાદાર વૃક્ષોની હારમાળા વચ્ચે આ સ્વર્ગલોકની કિન્નરીઓ અને ઉર્વશીઓ વિવિધ અંગ વિન્યાસ ભરેલાં કેવાં સુંદર નૃત્ય કરી રહી છે. રૂપરંભાઓ અને ઈન્દ્રાણીઓ કેવી એકતાન બની છે, જિનભક્તિમાં...

કમસેકમ એક કોટી દેવો તીર્થંકરોની સેવામાં પ્રવૃત્તિશીલ હોય છે. અહીં તો એક નહિ અનેક કોટી દેવો કેવી દોડધામ કરી રહ્યાં છે. જુઓ, આ ઉત્તુંગ અને આલીશાન, જગતમાં જોવા ન મળે એવી નકશીથી મઢેલા અને ઈન્દ્રાણીના કુંડલ જેવા સોનાના કમળોના દર્શન થઈ રહ્યાં છે.

હા, આ એ જ કમળોની શ્રેણી છે, જેની પર પરમાત્માના પદકમલનું સ્થાપન થાયછે. પરમાત્મા જ્યાં પણ વિચરે ત્યાં દેવો નવ-નવ સુવર્ણ કમળોની શ્રેણિની સતત રચના કરતાં રહે છે... આ એ જ કમળો છે. કેવા અદ્ભુત છે એ ! ચક્રવર્તીના મુગુટનેય થપ્પડ મારી દે એવું નિરાળું એમાં રૂપકામ થયું છે.

કેવું છે આ ભવ્યાતિભવ્ય વાતાવરણ... જાણે આપણી મનોભૂમિ પર કોઈ દિવ્યશક્તિનો સંચાર થઈ રહ્યો છે... અત્યંત શાંત, છતાં જાજરમાન આભૂષણો જેવું આ વાતાવરણ છે.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રિય મિલન

આનંદો, આનંદો, દોટ મકો, જલ્દી કરો, નેત્રોને ચાળી-ચાળીને અવલોકો, આપણી સામેની આ પૂર્વદિશામાં હંમેશ કરતાં કરોડો ગણો અધિક ઉદ્યોત જાણે પથરાઈ રહ્યો છે...

દૂર દૂરની ક્ષિતિજ ભણી દૃષ્ટિ લંબાવો, કોઈ ચૂંબકીય તત્ત્વ આપણા સમગ્ર અસ્તિત્વને આકર્ષી રહ્યું છે.

લાંબી કેદમાંથી મુક્ત થઈને જાણે લાખ્ખો સૂર્યો એકમેક થઈ ધરતી પર વિહરવા નીકળ્યાં હોય એવો પ્રચંડ, અત્યંત પ્રચંડ પ્રકાશનો પુંજ આપણી નજીક આવી રહ્યો છે...

અરે, પણ આ પ્રકાશ તો બિલ્કુલ શીતળ છે. ઉદ્યોતમય છે. કરોડો ચંદ્રમાઓ જ્યોતિષચક્રની ધરા પર અનાદિકાળથી વિહરીને થાકી જઈ જાણે ધરતી પર અવતર્યા હોય એવો અનંત ઉદ્યોત આપણને આમંત્રી રહ્યો છે.

આ છે કોણ ?

કયું દિવ્યતત્ત્વ હશે આ ?

શું આ કોઈ ઈશ્વરીય અવતાર તો નથી ને ?

પ્રકૃતિએ વિશ્વના ખૂણે ખૂણામાં વ્યાપેલું પોતાનું અપરંપાર સૌન્દર્ય એકત્ર કરી આ દિવ્યશક્તિના ચરણે ભેટ ધર્યું હોય એવો આ અસીમ ઉદ્યોત છે.

આ અનુપમ સૌન્દર્યની રાશિ જગતના જડ અને જીવ, બન્નેય તત્ત્વોને પોતાની તરફ આકર્ષી રહી છે. વિશ્વનો આ સર્વોત્કૃષ્ટ વૈભવ ત્રણેય લોકના માનસ પટ પર પોતાના કામણ પાથરી રહ્યો છે... અવલોકીએ છીએ એને અને આત્મનો એક-એક પ્રદેશ આનંદિત બની જાય છે. હૃદયના એક એક કુંજ હર્ષિત બની જાય છે. શરીરના રગેરગ આતુર બની જાય. રોમે-રોમમાં ઉત્કંઠા વ્યાપી જાય છે... પૂરા દેહમાં ઉલ્લાસની જંગી ક્રાંતિ ઉદ્ભવે છે.

**ઓહ ! આ તો આપણી ચિરપ્રતીક્ષા છે. અનંત ઉત્કંઠા છે. હૃદયનું અક્ષય સામ્રાજ્ય છે. આ છે વિહરમાન પરમાત્મા શ્રી સીમંધરસ્વામી...**



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

બોલો સીમંધરસ્વામી ભગવાન કી જય... જય... જય... જય... જય... જય... જય...

છડી :

સોનેકી છડી... રૂપેકી મશાલ, જરીયન કા ઝાંમા, મોતિયન કી માલા, જીવદયા પ્રતિપાલક, સત્યકી નંદન, દેવાધિદેવ સીમંધરસ્વામીને ઘણી ખમ્મા... ઘણી ખમ્મા... ઘણી ખમ્મા.

જુઓ, પરમાત્મા આ તરફ પધારી રહ્યાં છે... એ પહેલાં જ એક સ્તુતિનો સહુ પાઠ કરી લઈએ.

**સ્તુતિ : આંખો તમારું રૂપ જોતાં આજ અતિપાવન બની...**
**વાણી તમારા ગીત ગાને આજ મનભાવન બની...**
**અંગો તમોને નમન કરતાં આજ પામ્યાં સફળતા...**
**મનસ્થિર બન્યું પ્રભુ ધ્યાનમાં આજે ત્યજીને ચપળતા ॥**

કેવું છે અદ્ભુત પરમાત્માનું સ્વરૂપ ?

કલ્પના કરતાંય અધિક સુંદર આ સૌન્દર્ય છે.

પૂર્વધારણાથીય અધિક ભવ્ય આ રૂપ-સ્વરૂપ છે.

પરમાત્મા તીર્થંકર દેવોના જગદતિશાયી દેહસ્વરૂપ વિશે આપણે ભરતક્ષેત્રમાં અનેકવાર અનેકવર્ણનો વાંચ્યાં છે, સાંભળ્યાં છે. એ વર્ણનોથીય અધિક ભવ્યતા આજે પરમાત્માના રૂપમાં નિરખવા મળે છે.

વચનાતીત છે આ રૂપ.

શબ્દોને મર્યાદા નડે છે. પરમાત્માના રૂપને અને પુન્યને કોઈ મર્યાદા નથી પીડતી... તીર્થંકરદેવોના પ્રભાવની આટલી બધી પ્રભાવકતાનો નકશો આપણે તો ક્યારેય અંદાજ્યો નથી. આજે આપણા પરમ સૌભાગ્યના દ્વાર ખૂલી ગયાં છે. અંતરમાં અમૃતવર્ષા થઈ રહી છે.

અરે ! એકાએક આંખના નિમેષ માત્રમાં શું થઈ ગયું ? અચિંત્ય શક્તિશાળી દેવોએ સમવસરણની રચના પણ કરી દીધી. રજત, સુવર્ણ અને રત્નના ત્રણ તોતિંગ ગઢોમાં ગોઠવાયેલાં આ સમવસરણનો કેવળ બહિરંગ આકાર પણ કેટલો ભવ્ય છે... જુઓ... અતિશય અદ્ભુત છે આ પ્રાસાદ...



For Private and Personal Use Only

વિશ્વમાં સર્વોચ્ચ સ્થાનને શોભાવી શકે તેમ કોઈ હોય તો કેવળ પરમાત્મા જ છે, આ સત્ય પોતાની ઉચ્ચતાનો મૂક ઉચ્ચાર કરી જાય છે, સમવસરણની દિવ્યરચનાના કાર્યની પાછળ રહીને.

સૌના ચરણ થનગની રહ્યાં છે. સમવસરણમાં પ્રવેશવા માટે. ચાલો, એ થનગનાટને ચરિતાર્થ કરીએ... પરમાત્માની અમૃતમયી દેશના સાંભળવાની ચિરસમયની આપણી તૃષા શમાવીએ. આ સમવસરણની ઉત્તુંગ અને અકથ્ય શૃંગારથી મઢેલી સોપાનપંક્તિ તો જુઓ... પહાડ જેવી અડગ એ ઉભી છે. કુલ ૨૦ હજાર સોપાનોને સમાવી લેતી આ સોપાનપંક્તિ છે.

હા, વીશ હજાર પગથિયા આપણે ચડવાના છે.

ભય અને છૂપા ડરની આંધી આપણા શરીરમાંથી પસાર થઈ ગઈ હશે કદાચ... બે માળના માંડ છત્રીશ પગથીયા ચડતાં હાંફી જનારા આપણે... વીશ હજાર પગથિયા ચડી જવાનું કૌવત શેં દાખવી શકીશું ?

ના, આપણી ભૂલ થઈ...

આપણે ક્યાં કશી શક્તિ જ ખર્ચવાની રહે છે ! આ તો છે ત્રિભુવનપતિ પરમાત્માનું સામ્રાજય. પરમાત્માના જનરંજક અને પાપભંજક પ્રભાવ દ્વારા ૨૦ હજાર પગથીયા પેરેલીસીસ્ના દર્દી પણ ક્ષણ માત્રમાં ઓળંગી જાય છે. તો આપણે નથી એટલા બધા પામર... નથી એ હદના કાયર...

ચાલો, અપૂર્વ અવસર મળ્યો છે. ભગવાનના શ્રીમુખે સર્વદુઃખ વિનાશિની, સકલ ખેદાપહારિણી દેશના સાંભળવાનો... પવિત્ર કરીએ આપણા કર્ણપટલને. જે અનંતકાળથી પારકી નિંદા સાંભળી-સાંભળીને સડી ગયાં છે.

ત્વરા કરો.

ભગવાનની દેશના સાંભળવા માટે પડાપડી થઈ રહી છે, ભવ્ય જીવો વચ્ચે આ...હા...હા...હા... પ્રથમ ગઢની આ રજતમય દિવાલો પર સોનાના કાંગરા કેવા ચમકે છે. આટલી અનુપમ શોભા. તો આજીવનમાં ક્યાંય નિહાળી નથી. હજ્જારોની સંખ્યાની વિશાળ સોપાન શ્રેણિ ચઢી જવા છતાં થાકનું નામ નિશાન દેખાતું નથી.

કેટલો આલીશાન અને અદ્‌ભુત છે પહેલો ગઢ...



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

એક તરફ ઈન્દ્રો અને મહેન્દ્રોના, સામાનિકો અને ત્રાયસ્ત્રિંશ દેવોના વિમાનો અહીં પાર્ક થયાં છે. તો બીજી તરફ માનવલોકના રાજા-મહારાજાઓ, મંત્રીઓ, પ્રધાનો અને શ્રેષ્ઠીઓના રથ, શિબિકા જેવા વાહનોની તો કતાર જામી પડી છે.

ચાલો, આગળ ધપીએ. વિલંબ કરી શકાય એટલો સમય નથી આપણી પાસે. સમવસરણનો આ બીજો ગઢ છે. એની દિવાલો સંપૂર્ણતયા સુવર્ણની બનેલી છે. એની પર રજતનાં કાંગરાઓ શોભી રહ્યાં છે. બીજા ગઢની કાંતિતો પહેલાં ગઢનેય ઝાંખો પાડી દે એવી વિશેષ છે. હજ્જારો સોપાનો પણ આપણે ક્ષણવારમાં ચઢી ગયા.

કેવું મહદાશ્ચર્ય ! આ બીજા ગઢમાં પશુઓની પર્ષદા જામી પડી છે. એક સોંય ખોંચવાની પણ જગ્યા ન મળે એટલી ભીડ અહિં જામી પડી છે. હૈયે હૈયાં દબાય એટલાં પશુઓ અહિં એકત્ર થયાં છે...

પણ છે જગતનું અનન્ય આશ્ચર્ય...

જાતિ વૈર ધરાવનારા પ્રાણીઓ પણ અહિં વૈર વિસરી ગયાં છે.

સંસારમાં જે પ્રાણીઓ જન્મથી માંડી એક મેકના રક્તની તરસ ધરાવે છે, એવા પ્રાણીઓ પણ જ્યાં પ્રવેશે છે સમવસરણમાં, ત્યાં પોતાની હિંસક્તા ભૂલી જાય છે. પરમાત્મા તીર્થંકર દેવોની અહિંસાની આ તોતિંગ શક્તિ છે.

બકરી પણ જુઓ, વાઘના ગળા પર ગળું ટેકવીને નિર્ભય બનીને પરમાત્માના વચનરસમાં ખોવાઈ ગઈ છે. જુઓ સિંહ જેવા સિંહ પણ હરણની પીઠ પર મોં ટેકવીને બેઠાં છે.

વૈર, હિંસા, વધ, અત્યાચાર, શોષણ, દમન, પીડન, યાતના જેવા શબ્દો જ નામ શેષ થઈ જાય છે, આ સમવસરણના જગતમાં પ્રવેશે છે, એના હૃદયમાંથી. જગતના પામર જંતુઓ સમવસરણના અપામર જગતમાં પ્રવેશ પામીને દિવ્ય અનુભૂતિનો અહેસાસ કરે છે.

કેટલાં બધા પશુઓ અહિં નિઃસ્તબ્ધ બની દેશનાનું શ્રવણ કરી રહ્યાં છે. પશુઓની અને પંખીની એક જાતિ બાકી નહિ રહી હોય. એ બધી જ અહિં ઉપસ્થિત થયેલી નજરે પડે છે.

બસ, આગળ વધવું પડશે હવે. આ બધું અવલોકવામાં સમય વ્યતીત



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કરીશું તો આપણી પ્યાસા અણબુઝ રહી જશે... આપણે સાંભળવી છે, પ્રભુની દેશના.

ચાલો, આરોહણ કરીએ ત્રીજા ગઢ પર... ત્રીજા ગઢની દિવાલો વિવિધ રત્નોની બનેલી છે. એની પર સોનાના અને ચાંદીના કાંગરા રહ્યાં છે. આપણે વિચારતાં રહ્યાં અને આ આવી ગયું ત્રીજા ગઢની ઉપરનું સભાસ્થળ.

આ...હા...હા... અહિં પણ દેવ-દેવીનો સાગર રેલાય છે. માનવી નર-નારીઓનું કીડિયારું ઉભરાઈ રહ્યું છે. અરે આ તરફ સાધુ-સાધ્વીની પર્ષદા તરફ તો જુઓ... જાણે શ્વેત હંસની અક્ષૌહિણી સેનાઓ પોતાની મૌલિક સાધનાઓ કરી રહી હોય એવા આ પૂજ્યો શોભે છે.

સહુ ભગવાનની દેશનાના રસમાં વિલીન બની ગયાં છે.

એક તરફ સેંકડો આત્માઓ પંક્તિ બધ્ધ ઉભા રહી જઈને સમ્યક્ત્વની યાચના કરી રહ્યાં છે, બીજી તરફ હજારો જીવો એક અલગ શ્રેણીમાં ઉભા થઈને દેશવિરતીમય શ્રાવકધર્મ યાચી રહ્યાં છે. તો ત્રીજી તરફ પ્રભુની સાવ નજીક પહોંચી ગયેલી આ મોખરે રહેલી જનશૃંખલાના અગણિતજીવો પરમાત્મા પાસે દીક્ષાજીવનની પ્રાર્થના કરી રહ્યાં છે.

કોઈ નૃત્ય કરી રહ્યાં છે તો કોઈ સંસ્તવન...

કોઈ સ્તુતિ ગાઈ રહ્યાં છે તો કોઈ ગીતો...

કોઈ કાવ્યો લલકારી રહ્યાં છે તો કોઈ સંવેદના...

કો'કના નેત્રોમાં હર્ષાશ્રુ ઉમટ્યાં છે તો કો'કના નેત્રોમાં અનુતાપના અશ્રુઓ...

કો'ક પરમાત્માને પ્રશ્નો પૂછી-પૂછીને પોતાની જ્ઞાનક્ષુધા સંતોષે છે,

તો કો'ક જીવતરના ઘોર પાપોની ગંભીર આલોચના લઈ રહ્યું છે...

કેવું છે ભવ્ય વાતાવરણ ?

આપણે હજી તો સમવસરણની ચોફેરની પરિસ્થિતિનો ક્યાસ શોધી રહ્યાં છીએ, પરમાત્મા સમક્ષ શી રીતે પેશ થવું એનો વિકલ્પ ઢૂંઢી રહ્યાં છીએ ત્યાં તો આ ઈન્દ્રમહારાજા પરમાત્માને સંસ્તવે છે...

હે નાથ ! આ બધાય ભાવિકો દૂર-સુદૂરના ભરતક્ષેત્રમાંથી આવ્યાં છે.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આપના દર્શન કરવા માટે આવ્યાં છે. કૃપાનિધિ, તેઓને ભક્તિ કરવાની એક વિશિષ્ટ તક પૂરી પાડો. તેઓ ભક્તિ કરી શકે એ માટે આપ વિશ્રામ ગ્રહણ કરો...

જુઓ, પરમાત્મા પણ ઈન્દ્રમહારાજાની વિનંતીને માન્ય રાખી રહ્યાં છે. ઈન્દ્ર મહારાજા પણ આપણને સંકેત કરી રહ્યાં છે.

ચાલો, સહુ આજે અનેરા, અભૂતપૂર્વ ઉલ્લાસથી પરમાત્માની સ્તવના કરીએ.

## પરમાત્મા શ્રી સીમંધરદેવની સ્તુતિ

*તર્જ: મંદિર છો મુક્તિ તણાં...*

જેના સ્મરણથી હૃદયના વિષયો કષાયો ઉપશમે...
દિન-રાત શ્વાસોચ્છવાસમાં ભગવાન સીમંધર રમે...
શ્રધ્ધાભીની સંવેદના ત્રિભુવનપતિ અવધારજો...
ભગવાન સીમંધર પ્રભુ સંસારથી ઉધ્ધારજો... ॥૧॥

વંદનકરૂં પૂજનકરૂં કીર્તનકરૂં અર્ચનકરૂં,
તુજ ચરણમાં જિનરાજ મુજ સર્વસ્વનું અર્પણ કરૂં,
સો ક્રોડ સાધુ-સાધ્વીના સ્વામી મને પણ તારજો...
ભગવાન સીમંધર પ્રભુ સંસારથી ઉધ્ધારજો... ॥૨॥

નવ અબજ શ્રાવક-શ્રાવિકા જે નાથની સેવા કરે...
દર્શન કરી લાખ્ખો જીવો મુક્તિપુરીમાં સંચરે...
પ્યાસા અનંતી છે મને દર્શન તમારું આપજો...
ભગવાન સીમંધર પ્રભુ સંસારથી ઉધ્ધારજો... ॥૩॥

અહમિન્દ્રને અસુરેન્દ્રના સંશય નિવારો શક્તિથી...
ચિદ્રૂપ વંદુ આપને આજે અનુપમ ભક્તિથી...
મિથ્યાત્વની દારૂણ પીડા જનમોજનમ નિવારજો...
ભગવાન સીમંધરપ્રભુ સંસારથી ઉધ્ધારજો... ॥૪॥

જ્યોતિ વિહોણા નેત્ર છે આપો પરમજ્યોતિ મને...
જેના બળે મારા હૃદયના તિમિર સહુ દૂર ટળે...



For Private and Personal Use Only

સમ્યક્ત્વનું દઈ દાન મુજ આતમ ધરા અજવાળજો...
ભગવાન સીમંધર પ્રભુ સંસારથી ઉધ્ધારજો... ॥૫॥

ૐ હ્રીં પદો સાથે સદા ભગવાન સીમંધર જપે....
દુર્ભાગ્યને પાતક બધા તે પુન્યશાળીના ખપે...
કરૂણાનિધિ કરૂણા કરી સંતાપ મારા ઠારજો...
ભગવાન સીમંધર પ્રભુ સંસારથી ઉધ્ધારજો... ॥૬॥

મા-સત્યકીના નંદ છો શ્રેયાંસનૃપકુલ ચંદ્ર છો...
ને કંત રૂક્મિણીના તમે ત્રણ લોકના ભગવંત છો...
મારા જીવનમાં સત્યનું પાવન પીયૂષ વરસાવજો...
ભગવાન સીમંધર પ્રભુ સંસારથી ઉધ્ધારજો... ॥૭॥

કરું વિનંતી એક જ વિભુ આ જીવનની આખર પળે...
આયુષ્યનો ગ્રહ આથમે, ત્યારે મને સમતા મળે...
'હિત'મય મતિ ઓ જિનપતિ ! મુજ અંતરે અવતારજો...
ભગવાન સીમંધરપ્રભુ સંસારથી ઉધ્ધારજો... ॥૮॥

## સંવેદન

❖ થાય છે, મને અનંત જીભો મળો અને એના દ્વારા સતત પરમાત્માની સ્તવના થતી રહો.

❖ થાય છે, લાખ્ખો સ્તુતિ કરતો રહું આ પરમાતારકની... ક્રોડો કાવ્યો ગુંથતો રહું આ ભવોદધિ તારકનાં... મારું આ જીવનવ્રત બની રહો.

❖ જગતની જેટલી પણ ભાષાઓ છે, એ પ્રત્યેક ભાષાઓમાં જેટલા પણ શુભ, મંગળ અને પ્રશસ્ત શબ્દો છે, એ બધાયનો વરસાદ આ જગદ્‌ગુરુ પર વરસાવી દઉં.

❖ થાય છે, જગન્માત્ર જીવોમાં જ્યાં જ્યાં પ્રેમ વસ્યો છે, એ ચૂંસી લઉં અને એનો સંપુટ મારા હૃદયના આ અધીશના ચરણે અર્પણ કરી દઉં.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

❖ થાય છે, પરમાત્મા આ સંસારમાં અજર-અમર રહો અને એમના ચરણ સાથે હું સતત બારીક રજકણ બનીને જડાયેલો રહું... ના, તું કઠોર નથી. તું મૃદુ છે. કિરતાર ! મારા આટલા માત્ર સ્વપ્નને તું જરૂર સાકાર કરજે...

❖ થાય છે, આ નાથ કદીય કાળના ધર્મને ન ભેટો. સદાય શ્વાસગ્રહણ કરતાં રહો અને પ્રિય દેવાધિદેવના શ્વાસમાં હું વાયરૂપે પરાવર્તિત થઈ જઈને સતત ગુંજતો રહું... મારા હૃદયના આધાર, મારી આવી મનોભાવનાને બળ આપજો...

❖ હે જગદીશ ! આપ અનંતકાળ માટે આ રીતે જ ધર્મદેશના વહાવતાં રહો અને હું આપના મુખનો શબ્દ બનીને સદાય હર્ષિત બનતો રહું ... મારી આ તડપન છે, પ્રાણોથી પણ અધિક આસ્થા છે. મને તારી પર કે મારી તડપનની આગ તું ઠારીને રહીશ...

❖ હે પ્રાણોથી પણ અધિક પ્રિય ! આપ શાશ્વતકાળ માટે આ અવની પર વિચરતાં રહો અને હું આપના દેહનો પડછાયો બનીને આપની આસપાસ રમતો રહું... મારી આ આરજુ છે. વિશ્વાસ છે, આપ મારી આરજૂને નહિ જ ધિક્કારો.

❖ હે સ્વામિન્, હે મારા હૃદયની ધડકન ! આપનો આ નિર્મળ દેહ ચિરકાળ માટે આ ધરતી પર વિદ્યમાન રહો અને એ દેહની કમલ જેવી સુગંધ બનીને હું એની સેવા કરતો રહું...

મારું આ સંવેદન છે. નાથ, એનો સ્વીકાર કરો ! નાથ, શું કહું તને અધિક

❖ તારા જ્ઞાનનો અંત નથી... મારા અજ્ઞાનનો અંત નથી...

❖ તું નિર્મળ દર્શનનો સ્વામી છે. મારે એ દર્શનની અપેક્ષા છે.

❖ તારા સુખનો પાર નથી, મારા દુઃખનો પાર નથી...

❖ તું સુખીજનોમાં અગ્રણી છે. હું દુઃખીજનોમાં અગ્રણી છું...

❖ તું અવ્યાબાધ સુખનો ભોક્તા છે, હું એ સુખનો રસિકજીવ છું.

❖ તારા ચારિત્રની દામનપર એક કલંક નથી... હું અનંત ચારિત્રનો અભિલાષુક છું...



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

❖ મોત અને વૃધ્ધાવસ્થાને તેં પરાસ્ત કર્યા છે... મોત અને વૃધ્ધાવસ્થાથી હું થર-થર ધ્રુજી રહ્યો છું...
❖ તું ઉજ્વળ છે... હું મલિન છું...
❖ તું જ્યોતિર્મય છે... હું અંધકારનો ઓઘ છું...
❖ તું શુચિર્ભૂત છે... મારી રગેરગમાં અપરાધોની અશુચિ વ્યાપી ગઈ છે...
❖ તું સુગંધિત તત્ત્વ છે... દોષોની દુરભિએ મારી પર કબ્જો જમાવ્યો છે...
❖ તારા એક-એક પ્રદેશ પર પવિત્રતાનો નિવાસ છે... હું આ સંસારનો પતિતયાત્રિક છું...
❖ તું સન્મતિ છે.. હું દુર્મતિમૂઢ છું...
❖ તું સદ્ગતિ છે... હું દુર્ગતિકૂપ છું...
❖ તું રાજાધિરાજ છે... હું યાચક-ભિક્ષુક છું...
❖ તું અનંતજનમની મારી જનેતા છે, હું તારું નીચ, અપરાધી સંતાન છું...
❖ તું જન્મ-જન્માંતરોનો મારો તાત છે... હું કૃતઘ્ન અને ફરજ વિહોણો આપનો વારસ છું...
❖ તું લાખ્ખો ભવોથી મૈત્રીનો અતૂટ દોર ધરાવનારો મિત્ર છે...
હું મિત્રને પણ છળનારો અધમાધમ શત્રુ છું...
❖ તું જાન ન્યોચ્છાવર કરનારો મારો પ્રિય બંધુ છે...
હું એક બિલ્કુલ અશિક્ષિત રહેનારો તારો અનુજ છું...
❖ તું કરૂણાનો હિમાલય છે. હું ક્રોધનો જ્વાળામુખી છું...
❖ તું નમ્રતાનો મધુર રસ છે... હું અભિમાનની શુષ્ક ધૂળ છું...
❖ તું સરળતાનો અમૃતકુંભ છે.. હું ષડ્યંત્રોનો પાશવી શિકાર છું...
❖ તું અપરિગ્રહનું નિર્મળ નવનીત છે... હું લાખો લાલચોની નિરર્થક વરાળ છું...
❖ તું સ્યાદ્વાદનો અડગ સિંહનાદ છે... હું કુતર્કોનો વ્યર્થ કોલાહલ છું...
❖ તું સત્યોની જીવંત પ્રતિમા છે... હું અસત્યોનો જાગીરદાર છું...
❖ તું અહિંસાનું જીવનવ્રત છે.. હું હિંસાનું વિકરાળ રૂપ છે...



For Private and Personal Use Only

❖ તું સિદ્ધાંતોની જીવંત અવસ્થા છે... હું તકવાદનું ગેબી મોડેલ છું...
❖ તું પતિતોનો, દરિદ્રોનો બેલી છે... હું ગરીબનાય આંસુ ઝંખનારી અસભ્યતા છું...

તું...
જગદ્‌બંધુ છે...
જગદુદ્ધારક છે...
જગદગુરુ છે...
દેવેન્દ્રથી વંદિત છે...
સુરેન્દ્રોથી સેવિત છે...
ત્રૈલોક્ય પરિપૂજિત છે...
અભયદાતા છે...
જીવનદાતા છે...

હે પ્રિય, મારે મન તો તું...
માર્ગ છે...
પંથ છે...
મંઝિલ છે...
મુકામ છે...
ધ્યેય છે...
લક્ષ્ય છે...
સાધ્ય છે...
નેત્ર છે...
અંતસ્તલ છે...
અમૃત છે...
જીવતર છે...
સ્પંદન છે...
શ્વાસ છે...
ધબકાર છે...
પલકાર છે...
સંવેદન છે...



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

હે દીનાનાથ... પણ મારી દશા ભારે વિચિત્ર છે...
હું... યાતિત છું...
પીડિત છું...
વિરહી છું...
વ્યથિત છું...
ચિરશોષિત છું...
ઉપેક્ષિત છું...
દરિદ્ર છું...
અંધ છું...
મૂક છું...
મંદ છું...
નિરાધાર છું...
અનાથ છું...

કેવી પણ આ અસમતુલા ?

નાથ, એક જ અભ્યર્થના કરું છું, તારા ચરણોમાં, તારા જેવું જ તાદૃશ પરમાત્મ સ્વરૂપ તું મારા આતમ ઘટમાં પણ પ્રગટાવી દે !

ભગવંત, તારી લાખ્ખો સ્તુતિઓ કરું તો ય મને તૃપ્તિ નથી થવાની. આમ છતાં, આપની દેશના સાંભળવાની ઝંખનાને પણ હું રોકી નથી શક્તો.

આથી હે દીનાનાથ, એક વખત તને ત્રણ પ્રદક્ષિણા કરી માત્ર એક ભક્તિ-નૃત્ય કરી હૃદયની આશ હૃદયમાં જ શમાવી લઈશ...

# પ્રદક્ષિણા...

## : ભક્તિગીત :

*તર્જ : હે શંખેશ્વરસ્વામી...*

હે સીમંધરસ્વામી... અમે શિવસુખના કામી...
દરિશન દ્યોને સ્વામી (૨) છો અંતરયામી... હે સીમંધર...૧

રાય શ્રેયાંસ તણાં છો નંદન, સત્યકી ના જાયા (૨)
રૂક્મિણી રાણીના કંતને (૨) ઋષભ લંછન પાયા... હે સીમંધર...૨



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મહાવિદેહમાં આપ બિરાજો, લાખ્ખો યોજન દૂર (૨)
દર્શન કરવા તારા (૨) આવ્યા છીએ હજૂર... હે સીમંધર...૩

ધન્યનગરને ધન્યગામ તે, જિહાં વસો છો આપ (૨)
ભવ્ય જીવોના સ્વામી (૨) દૂર કરો સંતાપ... હે સીમંધર...૪

❖●❖●❖

જુઓ, ઈન્દ્રમહારાજાએ પોતાનો જમણો કર ઉંચો કરી સંકેત આપ્યો.. બસ, હવે, પરમાત્માની દેશનાનો પ્રારંભ થવા દો, એવો...

આનંદો, પરમાત્માએ પોતાની અર્થગંભીર દેશના પ્રારંભી...

સિંહનાદ અને મેઘનાદનું ય તર્દન કરે એવો પ્રભુનો બુલંદ ધ્વનિ છે. એક યોજનમાં પથરાયેલા સમવસણના ખૂણે-ખૂણે રહેલાં જીવો સાંભળી શકે એવો પ્રભુનો મહાનાદ છે. જાણે આદિ બ્રહ્મધ્વનિ. જાણે સમુદ્રમંથનનો મહાનાદ. જાણે લાખ્ખો શંખોનો સ્વર... જાણે લાખ્ખો ધનુષ્યોનો ટંકાર... જાણે લાખ્ખો સુઘોષા ઘંટાઓનો નિનાદ...

વાહ, વાહ, ચિત્ત ઓળઘોળ બની રહ્યું છે. કર્ણપટલ પાવન થઈ રહ્યાં છે. હૃદય તો મંત્રમુગ્ધ બન્યું છે.

આ મહાનાદ, આમ છતાં કેટલો મધુર છે ?

ગોળ, સાકર, શેરડી, આમ્રફળ, ઈલાયચી, આ બધાયની મધુરતાનો પરમાત્માના સ્વરમાં સામૂહિક નિવાસ છે.

પરમાત્માની વાણી કેવી સંશય છેદિની છે ! દેવાધિદેવ દેશના વરસાવતાં હોય ત્યારે શ્રોતાઓના રંજિત ચિત્તમાં જે-જે સંશયો ઉદ્ભવે છે, અનાયસે જ એના ઉત્તરો પરમાત્માના શ્રીમુખેથી નિઃસૃત બને છે.

પરમાત્માની દેશના સાંભળતા -

સહુને અનુભવ થાય છે કે મારા સંશયના જાળા છિન્ન-ભિન્ન થઈ ગયાં. સહુને અહેસાસ થાય છે કે પરમાત્મા મને જ કહી રહ્યાં છે.

પરમાત્માની વાણીનો અતિશય તો જુઓ...



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પરમાત્મા શબ્દો વહાવે છે, અર્ધમાગધીમાં પરંતુ પશુઓ - પશુઓની ભાષામાં એને ઝીલી શકે છે. દેવો દેવોની ભાષામાં એને ગ્રહી શકે છે. દાનવો, વેતાલો અને ભૂત-પ્રેતો પોતપોતાની ભાષામાં એને પચાવી શકે છે. પંખીઓ પંખીઓની ભાષામાં એને સમજી શકે છે...

માનવોની પર્ષદામાં પણ ભિન્ન-ભિન્ન દેશના નાગરિકોને ભિન્ન-ભિન્ન ભાષામાં પરમાત્માની દેશના સંભળાય છે.

પરમાત્માની દેશના માલકોશ મિશ્ર રાગમાં પ્રગટતી હોય છે. પ્રભુની દેશના જેવું જગતનું સર્વોચ્ચ અને સ્વયંસ્ફૂરિત સંગીત બીજું કોઈ નથી.

એમાંય પાછો મઘમઘાટ વેરે છે, દેવોની દિવ્યદુદુંભિના નાદો... બંસરીઓના મધુર સૂરો... જાણે અમૃતની વૃષ્ટિ નિહાળી લ્યો...

સમવસરણનો એક-એક શ્રોતા લયલીન બન્યો છે. દેશના શ્રવણમાં એકતાન બન્યો છે. શરીરના ભયાનક દર્દો, મનના ભીષણ સંતાપો અને રાજ્યના કરૂણ દંડો, આ બધું જ વીસરાઈ જાય એ હદે શ્રોતાઓ દેશના શ્રવણમાં વિલીન થઈ ગયાં છે...

શ્રેષ્ઠીઓની તો વિશાળ પંક્તિ અહિં બિરાજી છે...

રાજવીઓ અને અમાત્યોના વૃંદ અહિં ઉમટી પડ્યાં છે...

દશેય દિશાઓ, એક-એક ગામડાઓ, એક એક નગરો, નગરની શેરીઓ, ગૃહો, બધેથી માનવો ઠલવાઈ રહ્યાં છે. અહો ! અદ્ભૂત છે. આ દશ્ય. અતિશય રોમાંચકારી છે આ દશ્ય. ચાલો, આપણે પણ પરમાત્માની દેશનાના કેટલાંક અમૃતકણો ઝીલી લઈએ. રગ-રગમાં એને એક-મેક કરી લઈએ...

**દેશના :**

હે ભવ્યજીવો !

આ સંસારમાં તમે અનાદિ અનંતકાળથી પરિભ્રમણ કરી રહ્યાં છો. ચૌદ રાજલોકમાં એક તસુ જેટલી ભૂમિ એવી નથી જ્યાં તમે અસંખ્ય અસંખ્ય વાર જન્મ-મરણ ન કર્યાં હોય...

સંસારનું આ વિષમ ચક્ર છે. જેનું પહેલું પરિણામ જન્મરૂપે મળે છે. બીજું પરિણામ મૃત્યુ રૂપે મળે છે. ૮૪ લાખ, ૮૪ લાખ યોનિઓથી દુરંત બન્યો છે સંસારરૂપી મહાસાગર.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આ મહાસાગરની ભીષણતામાં ઉમેરો કરે છે, એમાં રહેલાં ક્રોધ, માન, માયા, લોભ, હિંસા, જૂઠ, સ્તેય, મૈથુન, પરિગ્રહ, પરપરિવાદ, કલહ, અભ્યાખ્યાન, રતિ-અરતિ, પૈશુન્ય અને મિથ્યાત્વશલ્ય નામના હિંસક જળજંતુઓ...

આ બધા જ જળજંતુઓએ આત્માના એક એક પ્રદેશને અનંતીવખત ફટકાર્યા છે. આત્માના એક-એક વિકાસને અનંતી વખત કબ્જે કર્યા છે. આવો વિષમ છે સંસારસાગર. એને તરી જવો હોય તો સર્વવિરતિ એ જ એક તરણોપાય છે...

**પ્રશ્નોત્તર :**

ઓ...હો...હો... શું દેશના છે ? પ્રહર ક્યાં વીતવા આવ્યો એનો ખ્યાલ સુધ્ધાં નથી આવ્યો. આમ, આપણે એકાદ પ્રહર સુધી દેશના સાંભળી. પ્રહરની સમાપ્તિ થાય એ પૂર્વે પરમાત્માને કેટલાંક પ્રશ્નો પૂછવાની અદમ્ય જિજ્ઞાસા હૃદયમાં ઉદ્ભવી છે. એને રોકી શકાય તેમ નથી... ચાલો આપણા અંતઃકરણમાં ઘોળાતી જિજ્ઞાસા પરમાત્મા પાસે રજૂ કરીએ.

**જિજ્ઞાસા :** ભગવંત, સમ્યગ્દર્શન એટલે શું ?

**પરમાત્મા :** વત્સ ! સૂક્ષ્મમાં સૂક્ષ્મ રૂપમાં રહેલાં પણ સત્યનો એકરાર કરવો અને સ્થૂલમાં સ્થૂલ જણાતાં પણ અસત્યનો પરિહાર કરવો એનું નામ છે, સમ્યગ્દર્શન...

**જિજ્ઞાસા :** ભગવંત, આરાધકભાવ એટલે શું ?

**પરમાત્મા :** વત્સ ! વિરાધનાનો કાતિલ દ્વેષ, પાપો પ્રત્યેની તીવ્ર નફરત અને જિનવચનનો કટ્ટર પક્ષપાત એનું નામ આરાધક ભાવ.

**જિજ્ઞાસા :** ભગવંત, કર્મ બંધનો દૂર કરવાનો ઉપાય શો ?

**પરમાત્મા :** વત્સ ! અપ્રશસ્ત નિમિત્તોથી આત્માને સતત દૂર રાખવો અને પ્રશસ્ત આલંબનોમાં સતત જકડી રાખવો, આ કર્મક્ષયનો રામબાણ ઈલાજ છે.

**જિજ્ઞાસા :** ભગવંત, ધર્મદેશનાના શ્રવણ દ્વારા આત્માને શો લાભ થાય છે ?

**પરમાત્મા :** વત્સ ! ધર્મદેશનાના શ્રવણ દ્વારા આત્માને પાંચ લાભો સાંપડી શકે છે.



For Private and Personal Use Only

(૧) તીર્થંકર નામકર્મનો બંધ (૨) આત્મ-વીર્યનો ઉલ્લાસ.
(૩) વૈરાગ્યનો અભિનવ અનુભવ... (૪) નવીન પદાર્થોની પ્રાપ્તિ...
(૫) અને વિપુલ પ્રમાણમાં કર્મોની નિર્જરા...

અહિં એક પ્રહર પૂર્ણ થવાનો સમય થયો. પરમાત્માના શ્રીમુખેથી અદ્ભુત જ્ઞાનનું સંપાદન કરીને આપણે તો ધન્ય થઈ ગયાં. ચાલો, પરમાત્માનું એક સ્તવન લલકારીએ...

**સ્તવન : તારી મૂર્તિએ મન મોહ્યું રે, મનના મોહનીયા !**
**તારી સૂરતિએ જગ સોહ્યું રે, જગના જીવનીયા ! ...૧**

**તુમ જોતાં સવિ દુર્મતિ વિસરી, દિન રાતડી નવી જાણી,**
**પ્રભુ ગુણ ગણ સાંકળશું બાંધ્યું, ચંચલ ચિત્તડું તાણી રે ...૨**

**વીતરાગ ઈમ જસ નિસુણીને, રાગી રાગ કરેહ,**
**આપ અરૂપી રાગ નિમિત્તે, દાસ અરૂપ ધરેહ રે. ...૩**

જુઓ, ઈન્દ્રો બે તરફ ચામરો વીંઝી રહ્યાં છે... આકાશમાં છત્ર ધારણ થઈ રહ્યું છે... લાખ્ખો નક્ષત્રો જેવું દેદીપ્યમાન ભામંડલ પ્રભુના મુખની પાછળ વલયાકારે ગોઠવાઈ ગયું છે અને પરમાત્મા સિમંધરસ્વામી સિંહાસન પરથી ઉભા થઈને 'દેવછંદા' ભણી જઈ રહ્યાં છે... ત્યાં પરમાત્મા વિશ્રામ લેશે... બોલો સીમંધરસ્વામી ભગવાનની જય... જય... જય...

આજે આપણા અહોભાગ્યની સીમા નથી રહી... કેવા-કેવા અને કેટલાં કેટલાં લાભો આપણને મળ્યાં... ચાલો, પંચાંગુલી દેવી આપણને સંકેત કરે છે કે ફરીથી વિમાનમાં આસન ગ્રહણ કરો... આપણે સમવસરણના ૨૦ હજાર પગથીયા ઉતરીએ છીએ...

આ આવી ગયાં દેવવિમાનમાં...આવ્યાં એ જ માર્ગે આપણે પરાવર્તન કરીએ છીએ. જુઓ, આવી ગઈ મહાવિદેહક્ષેત્રની નવીમી 'વત્સ' વિજય... વત્સ વિજયમાં પણ છ ભૂખંડો છે. એ પૈકીના મધ્યખંડમાં સુસીમા નામની નગરીમાં પરમાત્મા યુગમંધરસ્વામી બિરાજે છે. આનંદો, આ દેખાય છે. એ પરમાત્મા યુગમંધર સ્વામીનું સમવસરણ છે. ત્વરા કરો. ઝડપથી સમવસરણના પગથીયા ચડી પરમાત્માના દર્શન કરી લઈએ.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઓ...હો...હો... કેવું અદ્‌ભૂત રૂપ છે. બિલ્કુલ સીમંધરસ્વામી જેવું જ સીમંધરસ્વામી પરમાત્મા પાસે જે વાતાવરણ નિહાળ્યું છે એવું જ અહિં પણ છે. ચાલો, સ્તુતિ કરીએ પરમાત્માની...

**સ્તુતિ : હે ખલક કેરા નાથ તારી, ઝલક જયાં જોવા મળી,**
**અપલક થયા નેત્રો છલક, છલકાય હૈયું લળી-લળી,**
**તારું મલકતું મુખ ચળકતાં, નેત્ર જોતાં અંતરે,**
**ઉભરાય અઢળક પ્રેમ આતમ, માહરો તુજમાં ઠરે,**

ચાલો, હવે ફરીને ભરતક્ષેત્ર તરફ પાછા ફરવાનું છે..

આ... નિષધપર્વત પસાર થઈ રહ્યો છે... સહુ સાથે 'હેલો મારો સાંભળો'ના દુહા ઝીલજો...

**હે હેલો મારો સાંભળોને, સીમંધર જિનચંદ,**
**શ્રેયાંસ રાયનો લાડલોને, સત્યકીનો નંદ. મારો હેલો સાંભળો...૧**

**હું તો વસીયો ભરતમાંને, તું વિદેહ મોઝાર,**
**નિત્ય સવારે વંદના મારી, અવધારો ઉદ્ધાર. મારો હેલો સાંભળો...૨**

**કલ્પતરૂ ચિંતામણી સરીખો, તું છે સાચો દેવ,**
**દુઃખીયા ભરતમાં આપ પધારો, કરું તમારી સેવ. મારો હેલો સાંભળો...૩**

મહદાશ્ચર્ય, નિષધપર્વત હરિવર્ષક્ષેત્ર, મહાહિમવંતગિરિ, મહાહિમવંત-ક્ષેત્ર હિમવંતગિરિ... બધું જ પાછળ રહી ગયું... ભારે ઝડપ કરી, પંચાંગુલી દેવીએ...

આ આવી પહોંચ્યું ભરતક્ષેત્ર. એનો મધ્યખંડ. મધ્યખંડનો ભારતદેશ. ગુર્જરરાષ્ટ્ર... અને નવસારી શહેર.

આભાર વ્યક્ત કરીએ છીએ, શાસન અધિષ્ઠાયિકા પંચાંગુલી દેવીનો...

પ્રણામ,


સહુ સંભાળીને છૂટા પડજો... છૂટા પડીને રોજ-બરોજ પરમાત્મા સીમંધરસ્વામીની ભાવયાત્રા કરજો...

બોલો સીમંધરસ્વામી ભગવાનની જય... જય... જય...



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જેઓ શ્રીમદ્દે પરમાત્મા શ્રી સીમંધરસ્વામીની નિત્ય ભાવયાત્રા કરી છે,
એવા તપાગચ્છ ચૂડામણિ, સમ્યક્ત્વ પ્રદાનૈકનિષ્ઠ
**પરમારાધ્યપાદ આ. ભ. વિ. રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા**


For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અભિલાષા છે,
આગામી જન્મમાં
મહાવિદેહ ક્ષેત્રમાં અવતરવાની...?
ઝંખના છે,
ત્યાર પછી આઠ જ વર્ષની વયે
સંયમજીવન અપનાવવાની...?
અને
કલ્પના છે,
ત્યારબાદ નવ વર્ષની વયે
કેવળજ્ઞાન પ્રગટાવવાની...?
તો એક જ શરણ છે,
વિહરમાન પરમાત્મા
શ્રી સીમંધરસ્વામી ભગવંતનું...

દેવાધિદેવ શ્રી સીમંધરસ્વામી ભગવાનના જે ૧ લાખ વાર જાપ કરે અને એમની નિત્ય ભાવયાત્રા કરે એ મહાભાગને ઉપરના ત્રણેય મહાફળો સાંપડીને રહે છે...

પૂર્વાચાર્ય ભગવંત શ્રી લક્ષ્મીસૂરીશ્વરજી મહારાજાનું આ સુવર્ણવચન છે.




"JINESHWAR" PH. : 6406391 (M) 98240 15514

For Private and Personal Use Only